અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 100 , Dt.08-02-2023 (Wednesday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

egistration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

સુવિચાર

"જીવનની દરેક સવાર
કેટલીક શરતો લઈને આવે છે, અને
જીવનની દરેક સાંજ
કેટલાક અનુભવ આપીને જાય છે."

ન્યુઝ ફ્લેશ

વિનાશકારી ભૂકંપથી તુર્કી-સીરિયામાં ૨.૩ કરોડ લોકો પ્રભાવિત

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનએ કહ્યું કે ૭.૮ તીવ્રતાના ભૂકંપથી પ્રભાવિત લોકોની સંખ્યા કરોડોમાં હોઈ શકે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) ના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે સીરિયા અને દક્ષિણ તુર્કી (તુર્કી) માં વિનાશકારી ભૂકંપ પછી રાહત-બચાવકર્મીઓની મોટી જરૂરીયાત છે. તુર્કીના રાષ્ટ્રપતિ એર્દોગને પ્રચંડ ભૂકંપથી પ્રભાવિત ૧૦ પ્રાંતોમાં ૩ મહિનાની કટોકટીની સ્થિતિ જાહેર કરી છે. તુર્કીની અનાદોલુ ન્યૂઝ એજન્સીએ રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગનને ટાંકીને આ અહેવાલ આપ્યો છે. એવું કહેવામાં આવ્યું છે કે આ બંને દેશો તુર્કી અને સીરિયામાં મૃત્યુઆંક વધીને ૫,૧૫૧ થઈ ગયો છે. ડબ્લ્યુએચઓના વરિષ્ઠ કટોકટી અધિકારી, એડેલહેડ માર્શેગે જણાવ્યું હતું કે તુર્કીમાં કટોકટીનો પ્રતિસાદ આપવાની મજબૂત ક્ષમતા છે, પરંતુ સીરિયાને તાકીદે વધુ મદદની જરૂર છે, કારણ કે તે પહેલાથી જ વર્ષોના ગૃહ યુદ્ધ અને કોલેરા ફાટી નીકળવાના કારણે માનવતાવાદી કટોકટીનો સામનો કરી રહ્યું છે. જિનીવામાં સંસ્થાની બોર્ડ મીટિંગમાં તેમણે જણાવ્યું હતું કે, 'આ કટોકટી ઉક્ત અસરગ્રસ્ત પ્રદેશમાં ઘણા સંકટોની ટોચ પર આવી છે.'વિશ્વ આરોગ્ય સંસ્થાના અધિકારીએ કહ્યું- સીરિયામાં લગભગ ૧૨ વર્ષોના લાંબા, જટિલ સંકટ બાદ જરૂરીયાત સૌથી વધુ છે,

રિઝર્વ બેંક દ્વારા આજે રેપો રેટમાં ૨૫ બેઝીક પોઈન્ટનો વધારો કરાયો

મોંઘવારીનો નવો ડામ :હોમ-કાર લોન મોંઘા



રિઝર્વ બેંક દ્વારા આજે રેપો રેટમાં ૨૫ બેઝીક પોઈન્ટનો વધારો કરાયોઃ હવે વર્તમાન લોન ધારકો માટે લોનના હપ્તા પણ મોંઘા બનશે, નવું ધીરાણ મોંઘુ પડશે

સૌરાષ્ટ્ર ક્રાંતી નવી દિલ્હી

ભારતીય રિઝર્વ બેંક દ્વારા છઠ્ઠી વખત રેપો રેટમાં વધારો કરવામાં આવ્યો છે. આજે આરબીઆઈએ રેપો રેટમાં ૨૫ બેઝીક પોઈન્ટનો વધારો જાહેર કર્યો છ ે. ત ે ન ા પરીણામે હોમ લોન અને કાર લોન મોંઘી બનશે એટલુ જ નહીં લોન ધારકોના ઈએમઆઈમાં પણ ભારે વધારો થઈ જશે. આ રીતે લોકોને મોંઘવારીનો નવો મોટો ફટકો મારવામાં આવ્યો છે.

આજે સંપન્ન થયેલી રિઝર્વ બેંકની મોનેટરી કમિટીની બેઠક બાદ આરબીઆઈના ગર્વનર શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે, રેપો રેટમાં ૨૫ બેઝીક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો છે. કમિટીએ બહુમતીથી આ નિર્ણય લીધો છે. આ રીતે વાસ્તવીક વ્યાજદર વધીને ૬.૫૦ ટકા થયો છે. ગર્વનર દાસે ફુગાવા અંગે ચિંતા દર્શાવી હતી અને એવું પણ જણાવ્યું હતું કે, આગામી સમયમાં મોંઘવારી વધશે. અલબત અર્થ તંત્રનો વિકાસ દર ૬ થી ૬.૫ ટકા રહેવાની આશા પણ તેમણે દર્શાવી હતી.

રેપો રેટમાં વધારો થતા જ હવે બેંકના ધીરાણો વધુ મોંઘા થશે. વર્તમાન લોન ધારકોના ઈએમઆઈમાં પણ વધારો થનાર છે. એટલે હોમ લોન અને કાર લોન મોંઘા થશે. રિઝર્વ બેંક દ્વારા માર્ચ-૨૦૨૨થી ફેબ્રુઆરી-૨૦૨૩ સુધીમાં રેપો રેટમાં કુલ ૨.૫૦ ટકાનો વ્યાજદર વધારો કરવામાં આવ્યો છે. એક વર્ષમાં આ છઠ્ઠો વધારો છે. આરબીઆઈએ સ્વીકાર્યુ હતું કે, ફુગાવો અત્યારે ઘટી રહ્યો છે. ફુગાવાનો ૪ ટકા દર અત્યારે યોગ્ય છે પણ ૫ ટકાથી વધે તો એ ચિંતાનો વિષય બને છે. વિશ્વભરની બેંકોની આવી જ નીતી રહી છે.મોંઘવારીનો દર ૪ ટકાથી વધુ રહેવાની શકયતા રિઝર્વ બેંકે દર્શાવી છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩ માટે વિકાસ દર ૭ ટકા રહેવાનો અંદાજ છે તેની સામે ફુગાવો પણ ૬.૫ ટકા રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો છે એટલે મોંઘવારી ઘટતી નથી એ સ્પષ્ટ બને છે. હવે તો ધીરાણના દર પણ ઉંચા જશે. એટલે આવાસ લોનના દર પણ વધી જશે તેવી શકયતા છે. ગુજરાતની વાત કરીએ તો જનતા પર બેવડો બોજો આવી ગયો છે.

જંત્રીના દરમાં ૧૦૦ ટકા જેવો વધારો ઝીંકવામાં આવ્યો છે તેનાથી રાજયમાં પ્રોપર્ટી મોંઘી બનતી જશે. બીજી તરફ વ્યાજ દર વધી ગયો હોવાથી મકાનો પર લોન લેવાનું પણ મોંઘુ બની જશે. જેઓ લોન લઈ ચુકયા છે તેવા લોન ધારકો માટે ઈએમઆઈમાં પણ વધારો થશે. આ રીતે લોકો પર વધારાનો બોજ આવી ગયો છે. ઘર ખરીદનારાઓને જીએસટી પણ વધારે ચુકવવામાં આવશે. આરબીઆઈ પાસે રેપો રેટના સ્વરૂપમાં ફુગાવા સામે લડવા માટે એક શક્તિશાળી સાધન છે. જ્યારે ફુગાવો ઘણો ઊંચો હોય છે ત્યારે રેપો રેટ વધારીને અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ ઘટાડવાનો પ્રયાસ કરે છે. જો રેપો રેટ ઊંચો રહેશે તો બેંકોને આરબીઆઈ પાસેથી જે લોન મળશે એ મોંઘી થશે. બદલામાં બેંકો તેમના ગ્રાહકો માટે લોન મોંઘી કરશે. એનાથી અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ ઘટશે. જો નાણાંનો પ્રવાહ ઓછો હશે તો માગ ઘટશે અને ફુગાવો ઘટશે. એ જ રીતે જ્યારે અર્થવ્યવસ્થા ખરાબ તબક્કામાંથી પસાર થાય છે ત્યારે રિકવરી માટે નાણાંનો પ્રવાહ વધારવાની જરૂર છે.

ગુજરાતની જનતા માટે બેવડો માર, એક તરફ પ્રોપર્ટી મોંઘી બની તો બીજી તરફ લોન મોંઘી બની

ગુજરાતમાં જંત્રીનો દર અમલમાં રહેશેઃ સરકારની સ્પષ્ટ જાહેરાત

ગુજરાતમાં જંત્રીની ઝંઝટઃ નવા દર મુલત્વી રાખવાનો નિર્ણય હજુ અધ્ધરતાલ

રાજય સરકાર કોઈ નવો નિર્ણય ન લે ત્યાં સુધી ડબલ જંત્રી ચુકવવાની રહેશેઃ ઋષીકેશ પટેલ

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૮

ગુજરાતમાં જંત્રીના બેવડા વધારી દેવાયેલા દર સામે બિલ્ડરોએ વિરોધ નોંધાવ્યો હોવા છતાં અને નિર્ણય મોકુફ રાખવાની માંગણી કરી હોવા છતાં સરકાર નવો વધારો પાછો ખેંચવાના મુડમાં દેખાતી નથી. એવી સ્પષ્ટા કરવામાં આવી છે કે, અત્યારે ડબલ જંત્રી જ ચુકવવાની રહેશે, સરકાર કોઈ નવો નિર્ણય ન લે ત્યાં સુધી જંત્રીનો ૧૦૦ ટકા વધારો ચાલુ રહેશે.

રાજય સરકારના પ્રવકતા ઋષીકેશ પટેલે કેબિનેટની બેઠક બાદ એવી માહિતી આપી હતી કે, રાજય સરકારે હજુ બિલ્ડરોની માંગણી અંગે કોઈ નિર્ણય લીધો નથી. નવો કોઈ નિર્ણય ન લેવાય ત્યાં સુધી રાજયમાં જંત્રીનો નવો દર ચૂકવવાનો રહેશે. એમણે જણાવ્યું હતું કે, ગઈકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને કેબિનેટની બેઠક મળી હતી. જેમાં મુખ્યમંત્રીએ આ બાબત ચર્ચા-વિચારણા કરી હતી. મુખ્યમંત્રીએ એમને મળેલા ડેલીગેટ સાથે પણ ચર્ચા કરી હતી. જંત્રી બાબતે સરકાર કોઈ પણ નિર્ણય લે એટલે તુરંત જ જાણ કરવામાં આવશે. જમીનનું સંપાદન થાય એ તારીખની અસરથી જંત્રી લાગુ પડે છે.

રાજય સરકારે એક બહુ મોટો નિર્ણય લઈને જંત્રીમાં સીધો ૧૦૦ ટકાનો વધારો કર્યો છે. અત્યારે નવી જંત્રી જ અમલમાં રાખવામાં આવી છે. ઉપરાંત રાજયમાં સર્વે સહિતની કામગીરી પણ ચાલુ રાખવામાં આવશે. મહેસુલ વિભાગે તમામ લાગતા વળગતા સાથે બેઠક યોજી સુચનો પ્રાપ્ત કરવા તમામ જિલ્લા કલેકટરોને સુચના આપી છે. છેલ્લે ૨૦૧૧માં જંત્રીના દરોમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. ૧૨ વર્ષ બાદ હવે બેવડો વધારો કરવામાં આવ્યો છે.

દરમ્યાન ક્રેડાઈના પ્રમુખ તેજશ જોષીએ જણાવ્યું હતું કે, નવી જંત્રી અંગેનો કોઈ બીજો નિર્ણય ન આવે ત્યાં સુધી અત્યારે સરકારે નવી જંત્રી મુજબ જ કામ કરવાની સુચના આપી છે. જે બાનાખત થઈ ગયા છે તેને જૂની જંત્રી જ લાગુ કરાવવામાં આવશે. અન્ય નવા બાનાખત માટે નવો દર અમલમાં રહેશે.(૨.૧૧)

રીયલ એસસ્ટેટને ફાયદોઃ સીમેન્ટ પરનો જીએસટી ઘટવાની શકયતા

લાંબા સમયની માંગ ધ્યાનમાં લઈને ઘટાડો કરશેઃ નાણાંમંત્રીનો સંકેત

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૮

દેશમાં ચારે તરફથી મોંઘવારી વધી રહ્યાના વાવડ મળી રહ્યા છે ત્યારે ખારા રણમાં મીઠી વીરડીની જેમ એક રાહતરૂપ સમાચાર પણ આવ્યા છે. સીમેન્ટ પરનો જીએસટી દર ઘટાડવાનો કેન્દ્રના નાણાંમંત્રી નિર્મલા સીતારમને સંકેત આપ્યો છે. જો આ દર ઘટે તો બાંધકામ સેકટર ઉપરાંત માળખાકીય ક્ષેત્રના વિશાળ પ્રોજેકટને ફાયદો થશે.

નાણાંમંત્રીએ કોફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રીઝની એક બેઠકને સંબોધતા જણાવ્યું હતું કે, જીએસટી કાઉન્સીલની આગામી બેઠકમાં સીમેન્ટ પરનો વેરો ઘટાડવા ચર્ચા-વિચારણા થશે. હું જાણું છું કે લાંબા સમયથી આ માંગણી થઈ રહી છે.

બાંધકામ ઉપરાંત માળખાકીય ક્ષેત્રમાં અનેક પ્રોજેકટ ચાલી રહ્યા હોય છે. તેમાં સૌથી વધુ સીમેન્ટની આવશ્યકતા હોય છે. એ દર્શાવતા નાણાંમંત્રીએ કહ્યું હતું કે, આ મુદ્દો અમે હાથ પર લીધો છે. જીએસટીની ફિટમેન્ટ કમીટી આ મુદ્દા પર વિચારણા કરશે.

કેન્દ્ર સરકારના ટોચના સુત્રોએ જણાવ્યું હતું કે, હાલ સીમેન્ટ પર ૨૮ ટકા જીએસટી દર લાગે છે. જીએસટી કાઉન્સીલની હવે પછીની બેઠક ૧૮ ફેબ્રુઆરીના મળનાર છે. જેમાં સીમેન્ટ પરનો દર ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ કે ૧૨ ટકા કરવાનો નિર્ણય લેવાઈ શકે છે. જો આ પગલુ લેવાય તો બાંધકામ ક્ષેત્રને ઘણી રાહત થશે.

આમ આદમીને વધુ એક ફટકો

પ્રોપર્ટી ડેવલોપમેન્ટની કમાણી કરનાર વેરા નિયમો સખ્ત બનાવાયા

રોકડ-ચેક સિવાયના ધોરણે પેમેન્ટની માહિતી દર્શાવવાનું ફરજીયાતઃ કેન્દ્રના નવા બજેટમાં કરદાતાઓ માટેની છટક બારી બંધ કરાઈ

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૮

કેન્દ્ર સરકારના બજેટમાં આવકવેરામાં રાહત આપવામાં આવ્યાની સાથોસાથ વધારાનો ટેકસ મેળવવાની ગોઠવણ પણ કરવામાં આવી છે. રહેણાંક પ્રોપર્ટી ડેવલપમેન્ટના નામે થતી કમાણી પર ટેકસ વસુલાતની તૈયારી કરવામાં આવી છે અને પ્રસ્તાવિત નિયમ સંસદમાં બજેટ પસાર થઈ ગયા બાદ ૧લી એપ્રિલ ૨૦૨૩થી લાગુ થશે.



કેન્દ્રના મહેસુલ સચીવ સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, પોતાની પ્રોપર્ટી અન્ય ડેવલપર મારફત વિકસીત કરવાના નિયમો સખ્ત બનાવવામાં આવ્યા છે. અત્યારસુધી કરદાતાઓ છટકબારીનો ઉપયોગ કરી લેતા હતા પરંતુ હવે તે ઘણું મુશ્કેલ બની જશે. લોકો જયારે પોતાની જુની પ્રોપર્ટી ડેવલપ કરે ત્યારે ઘણા ફલેટ બનાવે છે. પોતાની જરૂરિયાત મુજબનો ફલેટ રાખીને બાકીના વેચી નાખતા હોય છે. આ ફલેટની વેચાણ કિંમત માટેના ટેકસ નિયમો સખ્ત કરવામાં આવ્યા છે.

ખરીદ વ્યવહારમાં ચેક-રોકડ ઉપરાંત સોના જેવી અન્ય ચીજોની પણ લેવડદેવડ થતી હોય છે તે વિશેની સંપૂર્ણ વિગતો દર્શાવવાની રહેશે. પ્રોપર્ટી વેચાણમાં ચેક-રોકડ કે અન્ય કોઈપણ માધ્યમથી લેવાયેલા નાણાંની વિગતો આપવાનું અનિવાર્ય રહેશે. પ્રોપર્ટી વેચાણમાં રોકડ-ચેકથી નાણાં લેવા ઉપરાંત સોના કે અન્ય કિંમતી ચીજો મેળવવામાં આવી હોય તો તેને પણ કેપીટલ ગેઈન કે પ્રોપર્ટી પર નફા તરીકે દર્શાવવાના રહેશે. આ ચીજોની કિંમત પ્રોપર્ટીના વેચાણના દિવસના ભાવના ધોરણે ગણતરીમાં લેવામાં આવશે.

કચ્છના ધોરડો ખાતે જી-૨૦ ટુરીઝમ વર્કીંગ ગ્રુપની પ્રથમ બેઠકને મુખ્યમંત્રીનું સંબોધન

ગુજરાતનો પ્રવાસન વિકાસ સાથે પર્યાવરણ જતનનો અનોખો દ્રષ્ટિકોણઃ મુખ્યમંત્રી

આંતરરાષ્ટ્રીય ગ્રુપની બેઠકો યોજાય ગુજરાતીઓ માટે ગર્વનો અવસર છેઃ સમુહ ચિંતનથી પ્રવાસનના ક્ષેત્રને નવી દિશા અને ઉર્જા મળવાનું મુખ્યમંત્રીનો વિશ્વાસ

(એજન્સી સમાચાર)

ભુજ.તા.૮

જી-૨૦ અંતર્ગત કચ્છના ધોરડો ખાતે આજે ટૂરિઝમ વર્કીંગ ગ્રુપની પ્રથમ બેઠક રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. રાજયના આંગણે પધારેલા જી-૨૦ દેશોના પ્રતિનિધિઓનું સ્વાગત કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે,સાડા છ કરોડ ગુજરાતીઓ માટે આ ગર્વનો અવસર છે. વિકાસમાં પ્રવાસનની ભુમિકાનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈએ કહ્યું હતું કે,દેશ અને દુનિયાની જીડીપીમાં ટુરિઝમનું મહત્ત્વનું યોગદાન છે.આપણે ગુજરાતને સમૃદ્ધ અર્થ વ્યવસ્થા બનાવવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યા છીએ. ટુરિઝમ વર્કીંગ ગ્રુપની આ બેઠકમાં વિવિધ દેશો અને સંગઠનોના પ્રતિનિધિઓ દ્વારા પ્રવાસન ક્ષેત્રના વિવિધ પડકારો અને વિકાસ પર સમૂહ ચિંતન અને મનનથી પ્રવાસન ક્ષેત્રને નવી દિશા અને ઊર્જા મળશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, નવી પ્રવાસન નીતિ અંતર્ગત રાજયમાં પ્રવાસનના વિકાસની સાથે-સાથે પર્યાવરણ સમૃદ્ધિનો એક વિશિષ્ટ દ્રષ્ટિકોણ અપનાવવામાં આવ્યો છે. કચ્છમાં બે દાયકા પૂર્વે આવેલા ભૂકંપને યાદ કરતા મુખ્યમંત્રીએ હાલમાં જી-૨૦ ના ગ્રુપના સભ્ય દેશ એવા તૂર્કીમાં આવેલા વિનાશક ભૂકંપને યાદ કરીને, મૃતકો તેમજ તુર્કીવાસીઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. કચ્છમાં વિનાશક ભૂકંપની યાદમાં નિર્મિત સ્મૃતિ વન ગ્રીન ટુરિઝમનું ઉદાહરણ છે.આ સ્મૃતિ વનમાં પચાસ ચેકડેમ અને ત્રણ લાખથી વધુ છોડના વાવેતરથી ગ્રીન ટુરિઝમને નવી દિશા મળી છે.

રાજયમાં આવેલા પ્રવાસન સ્થળોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, ગુજરાતના હડપ્પાનું ધોળાવીરા,ચાંપાનેર, ઐતિહાસિક શહેર અમદાવાદ અને પાટણની રાણીની વાવને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સામેલ કરવામાં આવ્યા છે. ગુજરાત પ્રવાસનની વિવિધતાઓથી ભરેલું ટુરિઝમ ફ્રેન્ડલી રાજય છે. પ્રવાસનના વિકાસ માટે રાજયમાં ગાંધી સર્કિટ,બૌદ્ધ સર્કિટ અને વિવેકાનંદ સર્કિટ પણ વિકસિત કરવામાં આવી રહી છે. આ તકે મુખ્યમંત્રીએ ગુજરાતના અતિથિ બનવા બદલ જી-૨૦ દેશોના પ્રતિનિધિઓનો આભાર પણ વ્યક્ત કર્યો હતો.

તમામ મંત્રીઓ, અધિકારીઓની ઓફિસમાં વીજળીની સ્વીચ જાતે બંધ કરવા તાકિદ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ખુદ પોતે વીજળી ઉપકરણો બંધ કરવાનો નિર્ણય લીધોઃ સરકારના વહીવટી ખર્ચમાં બચત કરવા વીજ વપરાશના બીલમાં બચત કરવાનો ઉમદા હેતુ

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૮

ગુજરાત સરકારમાં વહીવટી ખર્ચમાં ઘટાડો કરવાની દિશામાં આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જાતે પહેલ કરીને એક અનુકરણીય નિર્ણય લીધો છે. એ મુજબ પોતાના દફતરમાં વીજળીની સ્વીચ સહિતના વીજ ઉપકરણો જાતે બંધ કરવાનું મુખ્યમંત્રીએ નિર્ણય લીધો છે અને એ મુજબ દરેકને પોતાના દફતરમાં પોતાના વીજ ઉપકરણો જાતે બંધ કરી દેવા તમામ મંત્રીઓ અને અધિકારીઓને પણ તાકિદ કરી છે.



દરેક મંત્રીઓ અને અધિકારીઓને મુખ્યમંત્રીએ સુચના આપી છે કે, દરેક મંત્રી અને અધિકારીઓ ચેમ્બરમાં કામ પુરૂ થયા પછી લાઈટ, એસી વગેરે તમામ વીજ ઉપકરણો ઓફીસ છોડતા પહેલા જાતે બંધ કરવાના રહેશે. મુખ્યમંત્રીએ ખુદ પોતાનાથી શરૂઆત કરી છે અને સૌને પ્રેરણા આપી છે. સરકારનો વહીવટી ખર્ચ ઘટે અને સાથેસાથે વીજળીની બચત પણ થાય અને વીજ બિલમાં પણ ઘટાડો આવે એ માટે મુખ્યમંત્રીએ ખુબ જ અનુકરણીય નિર્ણય લીધો છે.

દરેક કચેરીમાં અને ચેમ્બરમાં અજવાળુ હોય ત્યાં સુધી લાઈટો ચાલુ ન કરવાની પણ સુચના આપવામાં આવી છે. ટુંકમાં દિવસના ભાગે અજવાળુ હોય ત્યારે લાઈટો ચાલુ કરવાની નહીં રહે. માત્ર એસી કે પંખા જ ચાલુ કરવાના રહેશે. મુખ્યમંત્રીએ આ એક અનોખો નિર્ણય કરીને નવી પહેલ કરી છે. જે અન્ય રાજયો માટે પણ પ્રેરણારૂપ બની રહેશે.(૨.૧૧)

સોમનાથ સોસાયટીમાં માથાભારે પિતા પુત્રના ત્રાસ અંગે પોલીસ કમિશનરને રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: શહેરના રૈયા ટેલીફોન એક્સચેન્જ પાસે આવેલ સોમનાથ સોસાયટી શેરી નં.-૬માં રહેતા મુકેશ માલવી અને તેના પુત્ર ના અસહય ત્રાસ અને હેરાનગતી ના કારણે રઘુવંશી સમાજના લોકો ધ્વારા આ અંગે શહેર પોલીસ કમિશનરને લેખીતમાં રજુઆત કરી છે રઘુવંશી યુવા શક્તિ સંઘ ગુજરાત પ્રદેશ પ્રમુખ કાછેલા ધવલભાઈ અને સોમનાથ સોસાયટીમાં રહેતા અજયભાઈ તન્ના તેના પરિવારજનો અને રઘુવંશી સમાજના આગેવાનો ધ્વારા આજે શહેર પોલીસ કમિશનરને લેખીતમાં આવેદનપત્ર પાઠવી સોમનાથ સોસાયટીમાં રહેતા માથાભારે મુકેશ માલવી અને તેના પુત્ર તથા સાગરીતોના ત્રાસમાંથી મુક્ત કરાવવા અને આ માથાભારે શખ્સો સામે કડક પગલા લેવા રજુઆત કરવામાં આવી છે.

હિરાસર એરપોર્ટમાં દબાણરૂપ ૧૦ મકાનો ઉપર બૂલડોઝર ફેરવાયું

૨૦૦૦૦ ચો.મી. સરકારી જમીન ખુલ્લી કરાવાઇ

રાજકોટ: રાજકોટ તાલુકાના હીરાસર ગામમાં ૧૦ થી ૧૨ મકાનો પર બુલડોઝર ફેરવીને દબાણ હટાવવામાં આવ્યુ હતુ. તમામને ૯ થી ૧૦ લાખનુ વળતર ચુકવી દેવામાં આવ્યુ હોવા છતા ખાલી ન કરતા હોવાથી નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજકોટ તાલુકાનાં હીરાસર ગામ ખાતે બિન કાયદેસર ગામ તળ અને સરકારી ખરાબામાં આવેલા ૧૦ થી ૧૨ જેટલા મકાનો અને વાડાઓ સાથે લગભગ ૨૦૦૦૦ ચોરસ મીટર સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી. મામલતદાર કે કે કરમટા, તાલુકા વિકાસ અધિકારી, રાજકોટ તાલુકા અને પોલીસ તથા જીઇબીના સ્ટાફ સાથે દબાણ દુર કરવામાં આવ્યુ હતુ. આ કાર્ય પોલીસ બંદોબસ્ત, ટીડીઓ-એરપોર્ટ ટીમની નિગરાની હેઠળ કરવામાં આવ્યુ હતુ. મકાન માલિક તમામને વળતર અપાઇ ગયું છે.

રાજકોટ જિલ્લાના વિકાસલક્ષી કામો મંજુર કરવા મુખ્યમંત્રીનો હકારાત્મક અભિગમ: ભુપત બોદર

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા કેબિનેટ અને રાજકોટ જીલ્લા પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલને વિવિધ વિકાસલક્ષી કામોની કરાઈ રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૭

રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઈ બોદરે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળી રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના વિવિધ વિકાસલક્ષી કામો જેવા કે રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના વિવિધ ગામોને ગામથી ગામને જોડતા નોન પ્લાન રોડ રસ્તાઓ,ગઢકા ખાતે નવ નિર્માણ થવા જઈ રહેલા અમુલ ફેડ-૨ પ્લાન્ટ માટે જરૂરી એવા ગઢકાથી ફાડદંગ અમુલ જોઈનિંગ રોડને વાઇડનીંગ કરવા,ગ્રામ્ય વિસ્તારમાં મંજૂર થતા નવા રોડ રસ્તાઓની ટ્રીટમેન્ટ તથા થીકનેસ જૂની ટ્રાફિક પેટર્નના બદલે હાલના સંજોગોમાં ગ્રામ્ય વિસ્તારમાં પણ ભારે વાહનોની અને મોટા પ્રમાણમાં ટ્રાફિકની અવરજવર રહેતી હોય નવી ટ્રાફિક પેટર્ન પ્રમાણે વધારે થિકનેસ અને ગુણવત્તા યુક્ત રોડ રસ્તાઓ બનાવવા અંગે રાજકોટ જિલ્લાના રૂડા વિસ્તારના ગામોમાં **PMJAY** યોજના અંતર્ગત નિર્માણ થયેલા આવાસોના બાકી હપ્તાઓની ગ્રાન્ટ રિલીઝ કરવા અંગે રજુઆત કરી રાજકોટ જિલ્લામાં ૧૦ ગામો દીઠ ફાળવવામાં આવતા મોબાઈલ પશુ દવાખાનાની ઘટતી સંખ્યાની પુર્તતા કરવા અને નવા પશુ સારવાર કેન્દ્રના નિર્માણ અંગે રજૂઆત કરી હતી ઉપરાંત રાજકોટ તાલુકાના વિવિધ નવા એસ.ટી.રૂટો ચાલુ કરવા તેમજ જુના રૂટો પુનઃ શરૂ કરવા અંગે તેમજ કસ્તુરબા ધામ ત્રંબા ખાતે નવા એ.ટી.બસ સ્ટેન્ડ બનાવવા અંગે કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરિયા સમક્ષ રજુઆત કરી હતી.

આ દરમિયાન રાજકોટ ખાતેના ખાતમુહૂર્ત લોકાર્પણોના કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ૫૦૦ કરોડના ખર્ચે ગઢકા ખાતે નિર્માણ થવા જઈ રહેલ અમુલ ફેડ ડેરી-૨ મેગા ડેરી પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ હતું.

રાજકોટ જિલ્લાના આ મહત્વકાંક્ષી ડેરી પ્રોજેક્ટને મંજૂરી આપી 'સહકાર થી સમૃદ્ધિ તરફ'ના સહકાર મંત્રીઅમિત શાહજીના મંત્રને ચરિતાર્થ કરી આ પ્રોજેક્ટને મંજૂરી આપવા બદલ રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદર અને રાજકોટ ડેરી ચેરમેન ગોરધનભાઈ ધામેલીયાએ ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહી રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને મોમેન્ટો અર્પણ કરી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

ગુરૂકુળ મહિલા કોલેજમાં જી-૨૦ સંદર્ભે 'ભારતીય સંસ્કૃતિ અને પશ્ચિમી સંસ્કૃતિ'ડીબેટ સ્પર્ધાનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૮

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સાથે સંલગ્ન તથા રાજરત્ન શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા ટ્રસ્ટ સંચાલિત ગુરૂકુળ મહિલા કોલેજમાં ચાણક્ય કોમર્સ સ્ટડી સર્કલ દ્વારા જી-૨૦ને અનુલક્ષીને 'ભારતીય સંસ્કૃતિ અને પશ્ચિમી સંસ્કૃતિ' વિષય પર ડીબેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો.અનુપમભાઈ નાગર તથા કોમર્સ વિભાગના અધ્યક્ષ પ્રો.ડો.ભરતસિંહ ડોડીયાના અથાગ પ્રયત્નોથી હંમેશા વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસ માટે અલગ-અલગ પ્રવૃતિનું આયોજન કરતા રહ્યા છે. જેના ભાગરૂપે યોજાયેલી આ સ્પર્ધામાં ૨૦ વિદ્યાર્થનીઓએ ભાગ લીધેલ. જેમાં ભારતીય સંસ્કૃતિ અને પશ્ચિમી સંસ્કૃતિ એમ બે વિભાગમાં વિદ્યાર્થીનીઓને વહેંચી દેવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ ખુબ જ સુંદર પ્રસ્તુતિ કરી હતી.

સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરું પાડવા કોમર્સ વિભાગના તમામ અધ્યાપક તથા ૧૭૮ વિદ્યાર્થીનીઓ હાજર

સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ ટેકનોલોજી,રોજગારી, વારસો, સ્થળો, રાજનીતિ, વ્યાપારનીતિ, તહેવારો, ફિલ્મો, શિક્ષણ, આરોગ્ય, બેન્કિંગ, ખર્ચ બજેટ, કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો, વેદો, પૂરાણો, વિદેશીનીતિ વગેરે જેવા મુદ્દા પર ખુબ જ રસપ્રદ અને માહિતીસભર રજૂઆત કરી અને સામસામે દલીલો કરી હતી.

આ સ્પર્ધામાં સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરું પાડવા કોમર્સ વિભાગના તમામ અધ્યાપકગણ તથા ૧૭૮ વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે અર્થશાસ્ત્ર વિભાગના પ્રો.રાજુભાઈ મોઢવાડિયા તથા કોલેજના ગ્રંથપાલ છાયાબેન કીડિયા રહ્યા હતા. તેમને બંને ગ્રુપમાંથી ૩-૩ વિદ્યાર્થીનીઓને વિજેતા જાહેર કરેલ. આ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રો.અમીબેન પઢીયારએ કરેલ હતું.

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

ઉપલેટાના ઈસરા ખાતે બરણેશ્વર મંદિરે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન

આગામી તા.૧૧ થી ૨૭ સુધી યોજાનારી શ્રીમદ્ ભાગવત સપ્તાહ કથાનું રસપાન ભાગવતાચાર્ય પ.પૂ.શ્રી ધનસુખભાઈ વ્યાસ કરાવશે

ઢાંક, તા.૮

ઉપલેટા તાલુકાના ઈસરા ખાતે આવેલ ત્રિવેણી સંગમ શ્રી બરણેશ્વર મહાદેવ મંદિર ઉદાસીન આશ્રમની પવિત્ર ભૂમિ ખાતે તા.૧૧ ફેબ્રુઆરીને મંગળવારના રોજ શ્રીમદ્ ભાગવત કથાનો ભવ્ય પ્રારંભ કરાશે તેમજ કથાની પૂર્ણાહુતિ તા.૨૭ ફેબ્રુઆરીને સોમવારના રોજ કરાશે.

શ્રી બરણેશ્વર મહાદેવ મંદિર અતિપ્રાચીન તેમજ પાંડવો પ્રસ્થાપિત શિવ મંદિર મહાદેવના પાવનકારી સાનિધ્યમાં વેણુ, મોજ અને ભાદર જેવી લોક માતાઓના ત્રિવેણી સંગમ સ્થાને ઇશરા ગામના શિવભકતો અને દાતાઓના સહયોગથી કલ્યાણકારી શ્રીમદ્ ભાગવતજીનું ૨૬ મી વાર આયોજન કરવામાં આવ્યું છે.

કથાના વ્યાસાસને સુપ્રસિધ્ધ ભાગવતાચાર્ય પ.પૂ.ધનસુખભાઇ વ્યાસ (જેતપુર) બિરાજી પોતાની આગવી સંગીતમય શૈલીમાં કથામૃત શ્રવણ કરાવશે તેમજ કથામાં આવતા દરેક પ્રસંગોની વેશભુષા સાથે આબેહુબ ઉજવણી કરાશે. જેમાં તા.૨૧ ને મંગળવારે બપોરે ૩ વાગ્યે પોથીયાત્રા અને કથાનો પ્રારંભ થશે. તા.૨૪ ને શુક્રવારે બપોરે ૧૨ કલાકે શ્રી રામ જન્મોત્સવ અને સાંજે ૫ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવ નંદ ઉત્સવ. તા.૨૫ ને શનિવારના રોજ ગોવર્ધન લીલા. તા.૨૬ ને રવિવારે બપોરના ૧ થી ૩ કલાકે રૂક્ષમણી વિવાહ. તા.૨૭ ને સોમવારે સવારે ૧૧ કલાકે સુદામાચરિત્ર અને બપોર પછી શ્રી પરિક્ષીત મોક્ષ-પૂર્ણાહુતિ કરાશે. કથામાં રસપાન કરવા આ અદ્ભુત અલોકિક અને અવિસ્મરણીય ભકિતગંગાનું અમૃતપાન કરવા અને પ્રસાદનો લાભ લેવા શ્રી બરણેશ્વર મહાદેવ મંદિરના મહંતશ્રી પ.પૂ.શ્રધ્ધાદાસજી ગુરૂ કેશવદાસજી ઉદાસીન સંપ્રદાય તથા કથાપરી સમિતિ દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

પાલ ગામની સરદાર પટેલ વિદ્યાલયમાં ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૭

પાલ ગામ હિંદુ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સરદાર પટેલ વિદ્યાલય, પાલમાં ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ અનોખી રીતે ઉજવાયો હતો. વિવિધ વેશ પરિધાનમાં પ્રફુલ્લિત રીતે કોઈ ઉત્સવ ઉજવવા આવ્યા હોય એમ વિદ્યાર્થીઓ સજીધજીને શાળાએ આવ્યા હતા. વિદાય સમારંભમાં પરીક્ષાલક્ષી પ્રેરણા અને માર્ગદર્શનનો કાર્યક્રમ પણ રખાયો હતો.

શાળાના આચાર્ય દિનેશભાઈ પટેલે આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરી પરિચય કરાવ્યો હતો. જેમાં કાર્યક્રમના મુખ્ય મહેમાન શિક્ષણવિદ્ અને કવિ લેખક એવા પ્રકાશભાઈ પરમાર દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપી હતી. પ્રમુખ મનહરકાકા અને મહામંત્રી નિકુલભાઇ પટેલે કાર્યક્રમમાં હાજરી આપી હતી.

જસદણ: ૪૬ લાખના વિદેશી દારૂનો નાશ

(હુસામુદ્દીન કપાસી દ્વારા)

જસદણ, તા.૮

જસદણમાં મંગળવારે જુદા જુદા પોલીસ મથક હેઠળ પકડાયેલા વિદેશી દારૂના જથ્થાનો આજે સરકારના ઉચ્ચ અધિકારીઓની હાજરી હેઠળ નાશ કરવામાં આવતાં ખ્યાસીઓના મોંઢામાં રીતસરનું પાણી આવી ગયું હતું.

જસદણ, વિંછીયા, ભાડલા, આટકોટ આ ચાર પોલીસ મથક હેઠળ છેલ્લા દોઢ વર્ષમાં પકડાયેલ વિલાયતી દારૂની ૧૭ હજાર બોટલો કિંમત રૂપિયા ૪૬ લાખના દારૂનો નાશ કરવામાં આવ્યો હતો.

રાજકોટ જિ.પંચા.ની આરોગ્ય શાખા દ્વારા વિદ્યાર્થિનીઓને કેન્સર વિશે અપાઇ જાણકારી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૭

રાજકોટ શહેરમાં ગત તા. ૪ ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ કેન્સર દિવસ' નિમિત્તે નવજીવન ટ્રસ્ટ તથા એસ.એન.કણસાગરા મહિલા કોલેજના સંયુક્ત ઉપક્રમે કેન્સર જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.આ રેલીની શરૂઆત કણસાગરા મહિલા કોલેજથી થઇ હતી અને સમાપન રાજકોટ જિલ્લા પંચાયત ભવન ખાતે આરોગ્ય શાખાની સામે થયું હતું.

રાજકોટ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો. એમ.એન.રાઠોડએ રેલી સમાપન સમયે ખાસ ઉપસ્થિત રહી આ જનજાગૃતિના પ્રયાસમાં ભાગ લેનાર વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરી હતી. તેમજ પ્રજનન અને બાળ આરોગ્ય અધિકારી ડો.પી.કે.સિંઘ એ પોતાના સંદેશમાં કેન્સરની સમસ્યા અને તેના પર કામ કરવાની જરૂરીયાત પર ભાર આપ્યો હતો અને વધુમાં વધુ લોકો સુધી જન જાગૃતિ ફેલાવવા અપીલ કરી હતી તથા આયુષ્માન કાર્ડ યોજના સહિત સરકારની વિવિધ આરોગ્ય સંબંધિત આરોગ્યલક્ષી યોજનાઓ વિશે માહિતી આપી હતી.

જન જાગૃતિ ફેલાવવાના આશયથી આ રેલી દરમિયાન પ્લે કાર્ડસ,બેનર્સ, સ્લોગન તથા લીફલેટ્સનું વિતરણ કરાયું હતું.

રેલીમાં કણસાગરા મહિલા કોલેજનાં સમાજકાર્ય ભવનની વિદ્યાર્થિનીઓ અને નવજીવન ટ્રસ્ટનો સ્ટાફ મળી કુલ ૧૫૦ જેટલા લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ તકે રાજકોટ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાના નોન કમ્યુનિકેબલ ડીસીઝનાં અધિકારી ડો. ઝલકબેન,નવજીવન ટ્રસ્ટના નિયામક ફાધર થોમસ મેથ્યુ, કણસાગરા કોલેજના આચાર્ય ડો.રાજેશ કાલરીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ભાંડુત ગામના સતિષ પટેલ હાઈ જમ્પમાં યુનિવર્સિટી કક્ષાએ અવ્વલ

સુરત, તા.૮

ઓલપાડ તાલુકાના ભાંડુત ગામના રહીશ સતિષ પટેલ ૧૧૯ કોલેજના વિદ્યાર્થીને માત આપી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે હાઈ જમ્પમાં પ્રથમ ક્રમ ઓલપાડ તાલુકાનો ડંકો વગાડ્યો હતો.

સુરત જિલ્લાના છેવાડાના ભાંડુત ગામના રહીશ સતિષ પટેલે બાળપણથી જ પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી અને માતા અને બેન સાથે સમગ્ર પરિવારની જવાબદારી સાથે ખેતી સાથે અભ્યાસ કરતા કરતા ઘરની જવાબદારી નિભાવીને પરિવાર અને ગ્રામજનોના સાથસહકારથી આગળ વધીને રમત ગમત ક્ષેત્રે મેરેથોન, સાયકલિંગ, હાઈ જમ્પ જેવી સ્પર્ધાઓમાં અનેકવાર પ્રથમ નંબર પ્રાપ્ત કરીને ગામનું નામ રોશન કર્યું છે.

ગામના સરપંચ ધનુબેન તથા ડે.સરપંચ હેમંતભાઈ પટેલે નવયુવાનોને અભિનંદન પાઠવ્યા હતા.

તુર્કી અને સીરિયાના ભૂકંપગ્રસ્તોને મોરારિબાપુ તરફથી રૂ.૨૫ લાખની સહાય



મહુવા, તા.૮

ગત બે દિવસોથી તુર્કી, સીરિયા અને આસપાસના વિસ્તારોમાં થયેલા ભૂકંપના કંપાવનારા સમાચારો મળી રહ્યા છે જેનાથી વિશ્વ સ્તબ્ધ બન્યું છે. પ્રાપ્ત થઈ રહેલા અહેવાલો અનુસાર બંન્ને દેશોનો મરણાંક ૪૫૦૦ જેટલો થયો છે. ૨૦ હજારથી વધુ લોકો ઘાયલ થયા છે. એ દેશોની માલમત્તાને પણ પારાવાર નુકશાન થવા પામ્યું છે. ભારત અને આ દેશના લોકો વૈશ્વિક આપદાઓમાં સહાયરૂપ બનવામાં હંમેશા અગ્રેસર રહ્યા છે. આ ક્રમમાં નરેન્દ્ર મોદી અને ભારત સરકારે પણ આ ઘટનામાં સહાયતા પ્રેષિત કરી છે, જે ભારતીય સંવેદનશીલતાનો પરિચય કરાવે છે.

પૂજ્ય મોરારિબાપુની હાલમાં નેપાળના લુમ્બિની ખાતે રામકથા ચાલી રહી છે. પૂજ્ય બાપુએ તેમની રામકથાના દેશ-વિદેશના તમામ શ્રોતાઓને સાથે રાખી તુર્કી અને સીરિયાના ભૂકંપગ્રસ્તોને રૂપિયા ૨૫ લાખની સંવેદના રાશી પ્રેષિત કરવાનું જાહેર કર્યું છે. લંડન સ્થિત બ્રિટીશ પાર્લામેન્ટના સદસ્ય લોર્ડ ડોલરભાઈ પોપટ, તેમના પુત્ર પાવન પોપટ અને એમની ટીમ દ્વારા આ રાશી તુર્કી અને સીરિયાના અસરગ્રસ્તોને પહોંચાડવામાં આવશે. તેમ મહુવાથી જયદેવભાઈ માંકડની યાદીમાં જણાવાયું છે.

ઈ-શ્રમ કાર્ડના લક્ષ્યાંકો અંગેની યોજાશે બેઠક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૭

સરકારના આગામી ૧૦૦ દિવસના કાર્યક્રમ હેઠળના રાજકોટ જિલ્લાને અપાયેલ ઈ-શ્રમ કાર્ડના લક્ષ્યાંકો હાંસલ કરવા અંગેની બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને તા.૯ ફેબ્રુઆરીના બપોરે ૧:૩૦ કલાકે કલેકટર કચેરીના સભાખંડ ખાતે યોજાશે.જેમાં કલેકટર દ્વારા ઈ-શ્રમ કાર્ડ અંગે થયેલી કામગીરી અને આગામી સમયમાં કરવાના આયોજનની સમીક્ષા કરાશે. તેમ મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

મેટોડામાંથી દેશી બનાવટના તમંચા સાથે રાજસ્થાની શખ્સની ધરપકડ

રાજકોટ: ગ્રામ્ય એસઓજીના પીઆઈ કે બી જાડેજા સહિતનો સ્ટાફ લોધીકા મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો. દરમ્યાન સ્ટાફને મળેલી બાતમી આધારે મન્છોનગરમાં દરોડો પાડી શકમંદ શખ્સને સકંજામાં લઈ જડતી લેતા નેફામાંથી દેશી બનાવટનો તમચો મળી આવતા નામઠામ પૂછતાં પોતે મૂળ રાજસ્થાનના ડુંગરપૂરનો અને હાલ પારડી ગામે રહી મજુરી કરતો હિતેશ વિજયભાઈ રોત (ઉ.વ.૨૦) હોવાનું જણાવતા ધરપકડ કરી ૫ હજારનો તમંચો કબજે કર્યો હતો પ્રાથમિક પૂછતાછમાં પોતે આ તમંચો વેચવા લાવ્યાનું રટણ કરતા રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

તંત્રી સ્થાનેથી...

Editorial

ઓનલાઈનને કારણે આંખોની બિમારીમાં ૫૦ ટકાનો વધારો

સતત મોબાઇલ-લેપટોપ સ્ક્રીન સામે જોવું તે આંખના સ્નાયુ માટે પુશ અપ કરાવવા સમાન છે. તેનાથી ના કેવળ આંખો થાકી જાય છે બલ્કે આંખોમાં બળતરા થવી-માથાનો દુખાવો થવો જેવી સમસ્યા પણ સર્જાય છે. બાળકોને કમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમની સમસ્યાનો સામનો કરવો ન પડે માટે તેમને આંખ પટપટાવતા રહેવાની ટેવ પાડો. શક્ય તેટલા મોટા સ્ક્રીનનો ઉપયોગ કરવો હિતાવહ છે. બાળકોને વિટામીન એ તેમજ પ્રોટિન મળે તેવા ખોરાક આપવા જોઇએ.કોરોનાએ છેલ્લા ૧૫ મહિના કરતાં વધુ સમયથી પગપેસારો કર્યો છે ત્યારથી 'ન્યૂ નોર્મલ હેઠળ દરેક વ્યક્તિની જીવનશૈલીમાં કોઇને કોઇ પરિવર્તન આવી ગયું છે. જેના ભાગરૂપે સ્કૂલ-કોલેજમાં ઓનલાઇન શિક્ષણ તો ઓફિસમાં હવે ઓનલાઇન મિટિંગ 'ન્યૂ નોર્મલનો હિસ્સો થઇ ગયું છે. જોકે, મોબાઇલ, કમ્પ્યુટરમાં વધારે પડતો સમય આપવાથી હવે 'કમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમ કેસમાં સતત વધારો થઇ રહ્યો છે. ગત વર્ષે માર્ચમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો ત્યારથી અત્યારસુધી અમદાવાદમાં જ 'કમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમના કેસ ૧૦થી ૧૫ ગણા વધી ગયા છે. 'કમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમમાં આંખો ડ્રાય થઇ જવી, આંખો લાલ થવી, આંખોમાં બળતરા થવી, દ્રષ્ટિમાં ઝાંખપ અનુભવવી, કચરો પડયો હોય તેમ આંખો ખૂંચવી, આંખોમાંથી પાણી પડવું, અમુક સમયે લાઇટની સામે જોવું ના ગમે, આંખો થાકી જવી, આંખોમાં ખંજવાળ થવી, ડબલ વિઝન થવું જેવી વિવિધ સમસ્યાનો સમાવેશ થાય છે. કોરોનાનો સૌપ્રથમ કેસ નોંધાયો તેના અગાઉ બાળકો મોબાઇલ કે લેપટોપ પાછળ વધુ સમય ફાળવતા તો માતા-પિતા તરફથી તેમને ઠપકો મળતો. પરંતુ હવે સ્થિતિ સંપૂર્ણ બદલાઇ ગઇ છે અને બાળકો માટે ઓનલાઇન એજ્યુકેશનના ભાગરૂપે મોબાઇલ-લેપટોપનો ઉપયોગ કર્યા સિવાય અન્ય કોઇ વિકલ્પ પણ રહ્યો નથી. પરંતુ કમ્પ્યુટર-મોબાઇલમાં વધારે સમય આપવાથી બાળકોમાં આંખોની લગતી સમસ્યામાં પણ સતત વાધારો થયો છે. માત્ર બાળકો જ નહીં વર્ક ફ્રોમ હોમને કારણે મોટી ઉમરની વ્યક્તિઓને પણ 'કમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. જાણકારોનું માનવું છે કે, સ્ક્રીન સામે પૂરતું અંતર નહીં રાખવાથી આ પ્રકારની સમસ્યાનો વધારે સામનો કરવો પડતો હોય છે. આ અંગે અમદાવાદના ઓપ્થેલ્મોલોજીસ્ટ ડો. જગદીશ રાણાએ જણાવ્યું કે, 'કમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમ ન થાય નહીં માટે સૌપ્રથમ તેના ફૂટ કોઝ સુધી જવું જોઇએ. સામાન્ય રીતે માણસ એક મિનિટમાં ૧૦થી ૧૨ વખત આંખો પટપટાવે છે અને તેનાથી આંખમાં લુબ્રિકેશન સતત થયા કરે છે. આપણી આંખની પાંપણના ઉપરના ભાગે ડાબી તરફ બહારની તરફ આંસુની ગ્રંથી હોય છે. આપણે આંખ પટપટાવીએ એટલે પિચકારીની માફક તેમાંથી પાણી છુટે અને આપણી કીકીની ભીની કરે. ટીવી, મોબાઇલ, લેપટોપ આ બધાના ઉપયોગ વખતે વ્યક્તિ આંખ પટપટાવવાનું ભૂલી જાય છે. જેના કારણે આંખનો ખુલ્લો ભાગ હોય ત્યાંથી આંસુ સૂકાઇ જાય છે અને તેનાથી આંખ ફરી ભીની થતી નથી. વારંવાર ટીયરબ્રેક થવાથી તેના પર આંસું ચોંટે નહીં.

રંગારંગ કાર્યક્રમોના માધ્યમથી રજૂ થઈ ગુજરાતની સંસ્કૃતિ : 'વસુધૈવ કુટુમ્બકમ' નૃત્ય છવાયું

ધોરડોમાં જી-૨૦ ટુરિઝમ વર્કિંગ ગ્રુપની બેઠકમાં સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળી વિદેશી મહાનુભાવો અભિભૂત

કચ્છ, તા.૮

કચ્છના ધોરડોમાં જી-૨૦ની ટુરિઝમ વર્કિંગ ગ્રુપની બેઠકના પ્રથમ દિવસે સાંજે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ સહ ગાલા ડિનરનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્યની વિવિધ સાંસ્કૃતિક કૃતિઓની રંગારંગ પ્રસ્તુતિ જોઈને વિદેશી મહેમાનો અભિભૂત થઈ ગયા હતા.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમજ કેન્દ્રીય મંત્રીઓની પ્રેરક ઉપસ્થિતિ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મત્સ્ય,પશુપાલન મંત્રી પરષોત્તમ રૂપાલા, કેન્દ્રીય પ્રવાસન મંત્રી જી. કિશન રેડ્ડી,ગુજરાતના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા,મુખ્ય સચિવ રાજકુમાર,પ્રવાસન વિભાગના ઉચ્ચ અધિકારીઓ વગેરેની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. સૂર્યાસ્ત બાદ સાંસ્કૃતિક કાર્યક્રમોનો પ્રારંભ થયો, ત્યારે ધોરડોની સફેદ રણની ધરા પર જાણે ગુજરાત તેમજ દેશની અસ્મિતાના રંગો પથરાયા હતા.

જયતુ જયતુ ગુજરાત ગીત અને નૃત્યથી આ રંગારંગ કાર્યક્રમની શરૂઆત થઈ હતી.મહિલાઓએ કચ્છી ગીતના માધ્યમથી કચ્છની સંસ્કૃતિ અને કલાને વિશ્વના વિવિધ દેશો માંથી પધારેલા મહેમાનો સમક્ષ ઉજાગર કરી હતી.બાદમાં મહિલાઓના વૃંદે રજૂ કરેલી નર્મદા અષ્ટકમની પ્રભાવશાળી પ્રસ્તુતિએ ઉપસ્થિત સર્વના મન મોહી લીધા હતા.

સીદીઓના ધમાલ નૃત્ય બાદ જી-૨૦ના લોગો 'વસુધૈવ કુટુમ્બકમ'ની થીમ પર વિવિધ કલાકારોએ નૃત્ય રજૂ કર્યા હતા જેને સૌએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધા હતા.આ નૃત્યને અતુલ્ય પ્રતિભાવ મળ્યો હતો.

વિદેશ મંત્રાલયના ડી. ડી.જી.,આઈ.સી.સી.આર. અભયકુમાર તેમજ અન્ય મહાનુભાવોએ આ ગ્રુપના કલાકારોને સ્ટેજ પર જઈને બિરદાવ્યા હતા.આ અવસરે ભવ્ય આતશબાજી પણ કરાઈ હતી. આ વર્ષ આંતર રાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું છે,ત્યારે ગાલા ડિનરમાં મિલેટ્સની વિવિધ વાનગીઓ પણ વિદેશી મહેમાનોને ભોજનમાં પીરસવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં કેન્દ્ર સરકારના પ્રવાસન વિભાગના સચિવ અરવિંદ સિંઘ,રાજ્યના નાણાં વિભાગના અગ્ર સચિવ મોના ખંધાર, રાજ્યના પ્રવાસન સચિવ હારિત શુક્લ, ગુજરાત પ્રવાસન વિભાગના મેનેજીંગ ડિરેક્ટર આલોક પાંડે વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

એક્સ્ટ્રીમ માર્શલઆર્ટ્સ એન્ડ ફિટનેસ એકેડમીના

માર્શલઆર્ટ્સ એક્સપર્ટ્સ ટ્રેનરોને બિરદાવતા આઈજીપી મયુરસિંહ ચાવડા

પોરબંદર, તા.૮

તાજેતરમાં પોરબંદર જિલ્લા પોલીસનું વાર્ષિક ઇન્સ્પેક્શન માટે જૂનાગઢ રેન્જ આઈજીપી પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહ ચાવડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમ્યાન પોલીસ હેડકવાર્ટર ખાતે પોલીસ જવાનોની વિવિધ પ્રવૃતિઓનું નિરિક્ષણ કર્યું હતું.

જે દરમિયાન પોરબંદર જિલ્લા પોલીસ વડા ડો.રવિમોહન સૈનીની પ્રેરણાથી એક્સ્ટ્રીમ માર્શલ આર્ટસ એન્ડ ફિટનેસ એકેડેમીના પ્રેસિડેન્ટ કેતન કોટિયાના માર્ગદર્શનમાં સેન્સઈ જયેશ ખેતરપાલ અને મહેશ મોતીવરસ દ્વારા તાલીમ પ્રાપ્ત મહિલા કોન્ટેબલની અન્આર્મડ કોમબેટની ટીમ દ્વારા દિલધડક સેલ્ફડિફેન્સની કૃતિઓ પ્રસ્તુત કરતા રેન્જ આઈજીપી જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહ ચાવડા અને જિલ્લા પોલીસ વડા ડો.રવિમોહન સૈની ખૂબ પ્રભાવિત થયા હતા અને પુરી ટીમને ઇનામો જાહેર કરેલ પ્રોત્સાહિત કર્યા હતા સાથે મહિલા કોન્સ્ટેબલોને ખુબજ ટૂંકા સમયમાં સેલ્ફડેફન્સની વિશેષ ટ્રેનિંગ અપવા માટે કરાટે, કુડો જેવી વિશેષ માર્શલઆર્ટ્સના નિષ્ણાંત પ્રશિક્ષક રેન્સિ કેતન કોટિયા અને સહયોગી પ્રશિક્ષકો સેનસાઈ મહેશ મોતીવરસ અને સેનસાઈ જયેશ ખેતરપાલને વિશેષ નોંધ લઇ બિરદાવ્યા હતા. આ માટે એક્સ્ટ્રીમ માર્શલઆર્ટ્સ એન્ડ ફિટનેસ એકેડમીએ પોલીસ અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. (૧૩)

લોઢવા: પ્રાચીન જોડિયા હનુમાન મંદિરનું ૩.૨૦ લાખના ખર્ચે નવનિર્માણ

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૭

લોઢવા ગામે ગામના ટીબા એવા હોળી ખાડા પાસે અતિ પ્રાચીન જોડીયા હનુમાન મંદિર ખંઢેર હાલાતમાં હતું. સમસ્ત ગ્રામજનોનું આ આસ્થાનું સ્થાન હતું અને સમસ્ત ગ્રામજનો દિવાળી ઉપર તથા દર શનિવારે મોટી સંખ્યામાં ભાવિ ભક્તો આ મંદિરએ દર્શન અર્થે આવે છે.

આ મંદિર અતિ જર્જરીત થઈ ગયેલ હતું. જેથી લોઢવા ગામના રહીશ હિતેશભાઈ જોશી (ગુરૂ) એ આ મંદિરનો જીર્ણોધાર પોતાના સ્વર્ગવાસી પિતા એવા શિવ શંકર જોશીની સ્મરણ અર્થે ૨૦ લાખના ખર્ચ કરીને ભવ્ય મંદિરનું નિર્માણ કરેલ છે. હિતેશભાઈ સતત છ મહિનાથી સ્થળ ઉપર હાજર રહીને કોઈ નો એક પણ રૂપિયો ફંડ ફાળો વગર છે ભવ્ય મંદિર બનાવી આપેલ.

આ મંદિરમાં લાઇટિંગ સાઉન્ડ સ્પીકર જેવી સિસ્ટમ પણ કરાવી આપેલ આ ભવ્ય મંદિરની કામગીરીમાં ગામના યુવાનો સંદીપ બાપુ, રામભાઈ ભોળા, તથા જશુભાઈ વાઢેર, અમીનભાઈ બ્લોસ સહિતના યુવાનોએ પણ પોતાનો કિંમતી સમય ફાળવીને સહયોગ આપેલ મંદિરનું કામ પૂર્ણ થતા આજે મંદિર પર ધ્વજારોહણનો કાર્યક્રમ રાખેલ હતો. સાથે બટુક ભોજનનો પણ કાર્યક્રમ રાખી પૂજાઅર્ચના અને શાસ્ત્રોવિધિ કરી મંદિર ખુલ્લું મુકવામાં આવ્યું હતું. તેમ જણાવ્યું છે. (૧૩)

OM CATRERS
Best Food For All Occasion
Call: 98251 51818 / 97144 53898
Web: www.omcaterersrajkot.com

આઝાદી નો અમૃત મહોત્સવ
ગુજરાત સરકાર
G20
भारत 2023 INDIA
वसुधैव कुटुम्बकम्
ONE EARTH • ONE FAMILY • ONE FUTURE
Gujarat Tourism

શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત

G20 ઈન્ડિયા ૨૦૨૩
પ્રથમ ટુરિઝમ વર્કિંગ ગ્રુપ મીટીંગ

સર્વ સમાવેશી પ્રવાસનના ભવિષ્યમાં
G20 પ્રતિનિધિઓનું હાર્દિક સ્વાગત છે

સન્માનનીય ઉપસ્થિતિ

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત

શ્રી જી. કિશન રેડ્ડી
કેન્દ્રીય મંત્રી,
પ્રવાસન

શ્રી પરષોત્તમભાઈ રૂપાલા
કેન્દ્રીય મંત્રી,
મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી

૭-૯ ફેબ્રુઆરી, ૨૦૨૩
સફેદ રણ, કચ્છ

મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા
થિમેટિક સેશન્સ
૧૦૦થી વધુ પ્રતિનિધિઓ

"ભારત પ્રવાસનના એક મજબૂત દોરમાં પ્રવેશ કરી રહ્યું છે"
શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

G20 ઈન્ડિયા ૨૦૨૩ના સભ્યો

g20gujarat g20_gujarat

ઈન્ચાર્જ ડીજીપી વિકાસ સહાય રાજકોટમાં: સિટી-રૂરલના અધિકારીઓ સાથે બેઠક

(તસવીરઃ દિલીપ ગોહેલ)

પોલીસ કમિશનર ઉપરાંત રેન્જ આઈજી, જિલ્લા પોલીસવડા સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે મહત્ત્વની ચર્ચા

(સૌરાષ્ટ્ર ક્રાંતિ પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૮

તાજેતરમાં જ રાજ્યના પોલીસવડા આશિષ ભાટિયા નિવૃત્ત થતાં તેમના સ્થાને મોસ્ટ સિનિયર આઈપીએસ અધિકારી વિકાસ સહાયને ઈન્ચાર્જ ડીજીપી બનાવવામાં આવ્યા છે. પોલીસ વિભાગમાં અત્યંત મહત્ત્વના ગણાતાં આ પદનો ભાર સંભાળ્યા બાદ વિકાસ સહાય દ્વારા અલગ-અલગ શહેરોની મુલાકાત લેવામાં આવી રહી છે તે અંતર્ગત આજે તેઓ રાજકોટમાં આવી પહોંચ્યા છે. વિકાસ સહાય ગાંધીનગરથી પહેલાં ભાવનગર પહોંચ્યા હતા જ્યાં પોલીસ દ્વારા આયોજિત એથ્લેટિક્સ મીટના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ પૂર્ણ કરીને તેઓ સીધા રાજકોટ આવી પહોંચ્યા હતા અને અહીં તેમણે રાજકોટના પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ ઉપરાંત રાજકોટ રેન્જ આઈજી અશોક યાદવ, જિલ્લા પોલીસવડા જયપાલસિંહ રાઠોડ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે મહત્ત્વની બેઠક કરી હતી. આ બેઠકમાં રાજકોટ રેન્જ અંતર્ગત આવતાં પાંચ જિલ્લાના એસપી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બીજી બાજુ ડીજીપી વિકાસ સહાય રાજકોટ આવી રહ્યા હોવાની જાણ થતાં જ પોલીસ તંત્ર દ્વારા તેમના ગ્રાન્ડ વેલકમ માટે જોરશોરથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હતી. એકંદરે ગઈકાલથી જ શહેર પોલીસના અધિકારીઓમાં બેઠકનો ધમધમાટ શરૂ થઈ ગયો હતો. આમ તો વિકાસ સહાયની રાજકોટ મુલાકાતનો ખાસ એજન્ડા ન હોવાનું તેમજ સ્ટ્રીન મુલાકાત હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે કેમ કે ઈન્ચાર્જ ડીજીપી બન્યા બાદ દરેક શહેર-જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ અધિકારીઓ સાથે ગેટ ટુ ગેધર કરવા માટે જ તેઓની આ મુલાકાત હોઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈન્ચાર્જ ડીજીપી બન્યા બાદ વિકાસ સહાયે રાજકોટ પહેલાં અમદાવાદ અને સુરતની મુલાકાત લઈને ત્યાંના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમણે સરાહનીય કામગીરી કરનાર જવાનોનું સન્માન પણ કર્યું હતું. આવો જ એક કાર્યક્રમ ભાવનગરમાં યોજાયો હતો. જેમાં પોલીસ જવાનો-અધિકારીઓમાં સ્પોર્ટસમેન સ્પિરિટની ભાવના કેળવાય તે માટે પોલીસ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં પોલીસ અધિકારીઓ-જવાનો સામેલ થયા હતા અને વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. ભાવનગરમાં કાર્યક્રમ પૂર્ણ કરીને વિકાસ સહાય સીધા રાજકોટ આવી પહોંચ્યા હતા અને અહીં સર્કિટ હાઉસ તેમજ પોલીસ કમિશનર કચેરી ખાતે બેઠકને સંબોધન કર્યું હતું. ઈન્ચાર્જ ડીજીપી રાજકોટ આવી રહ્યા હોવાને કારણે શહેર-જિલ્લાની પોલીસમાં સવારથી જ દોડધામ જોવા મળી રહી હતી તો શહેર-જિલ્લા એમ બન્નેના ઉચ્ચ અધિકારીઓ બેઠકમાં વ્યસ્ત જોવા મળ્યા હતા.

જ્યુબિલી ગાર્ડનમાંથી ૨.૯૦ લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે એક ઝડપાયો

વેચવાની ફિરાકમાં હતો ત્યારે એસઓજીએ પકડી લીધોઃ એ ડિવિઝનને સોંપતા રિમાન્ડ માટે તજવીજ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૮

રાજકોટ શહેરમાં યુવાધન નશાના રવાડે ના ચડે તથા નાર્કોટિક્સ પદાર્થનું વેચાણ અટકાવવા માટે નો ડ્રગ્સ ઇન રાજકોટ મિશન અંતર્ગત નાર્કોટિક્સ પદાર્થોનું ખરીદ વેચાણ કે સેવન કરનારા વ્યક્તિઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી. જે અંતર્ગત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના ઇન્ચાર્જ પીઆઇ બી.ટી. ગોહિલ, એએસઆઈ ડી.બી.ખેર, કિશનભાઈ આહીર અને કિશોરભાઈ ઘૂઘલ સહિતના સ્ટાફે બાતમી મળી હતી કે,જ્યુબિલી ગાર્ડન અંદર એક શખ્સ ડ્રગ્સ વેંચવાની ફિરાકમાં છે જેથી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના સ્ટાફે તુરંત ઘટનાસ્થળે પહોંચી કોર્ડન કરી શખ્સને પકડી લીધો હતો. આ શખ્સની પૂછપરછ કરતા પોતે પોતાનું નામ સિકંદર ઇશાકભાઈ શેખ(ઉ.વ.૨૧)(રહે.ફૂખડીયાપરા, પજેતન ચોક પાસે મૂળ અમદાવાદ અહ્લાહનગર દાનીલીમડા નૂરાની મહોલ્લો ગલી.નં.૧) હોવાનું જણાવ્યું હતું તેની પાસે રહેલી એક પડીકી જોતા તેમાં એક સફેદ કલરનો પાવડર

હોય તુરંત તેનું પરીક્ષણ કરાવવા એફએસએલના આધિકારી વાય.એચ.દવેનો સંપર્ક કર્યો હતો અને આ પાવડરનું પરીક્ષણ કરતા તે માદક પદાર્થ મેફેડ્રોન નામનું ડ્રગ્સ હોવાનું સ્પષ્ટ થયું હતું.ત્યારબાદ આ શખ્સની પૂછપરછ કરતા તેમણે જણાવ્યું હતું કે,પોતે હાલ અમદાવાદથી ફૂખડીયા પરામાં રહેતા તેમના માસી ઝુંબેદાબેન ગફારભાઈ ચૌહાણ સાથે છ મહિનાથી રહે છે.તેમજ મોચી બજારમાં આવેલી એક નોનવેજની દુકાનમાં કામ કરે છે.

તેમને ડ્રગ્સ વિશે પૂછતાં તે આ ડ્રગ્સ અમદાવાદથી લઈ આવ્યો હોવાનું અને અહીંયા જ્યુબિલી પાસે ગંજેરી કે ડ્રગ્સના એડિક્ટને વેચવા માટે અહીં બેઠો હોવાનું રટણ કરે છે.તેની પાસેથી ફ.૨.૯૦ લાખનું ૨૯ ગ્રામ ડ્રગ્સ કબ્જે કરવામાં આવ્યું છે.

આ સમગ્ર મામલે હાલ એ ડિવિઝન પોલીસમાં ગુન્હો નોંધવામાં આવ્યો છે.પીઆઇ ભુકણની રાહબરીમાં ડ્રગ્સ પેડલર સિકંદરની પૂછપરછ કરવામાં આવશે તેમજ તેમને રિમાન્ડ માટે કોર્ટ હવાલે કરવામાં આવશે. અગાઉ પણ એસઓજીની ટીમે બાલ ભવન ગેટથી અંદર સરગમ ક્લબ સંચાલિત પ્રમુખ સ્વામી પ્લેટિનિયમની બહાર એક યુવતીને મેફેડ્રોનના ૧૨.૩૬ ગ્રામના જથ્થા સાથે ઝડપી લીધી હતી. ઉલ્લેખનીય છે કે,રાજકોટ શહેરમાં એમડી ડ્રગ્સનું દૂષણ નાથવા માટે પોલીસના નાકે દમ આવી ગયો છે,કારણ કે જેટલા ડ્રગ્સ પેડલર્સ ઝડપાય છે. તેના કરતાં વધુ પેડલર્સ બનીને બહાર આવી રહ્યા છે. રાજકોટ ક્રાઇમ બ્રાંચ, લોકલ ક્રાઇમ બ્રાંચ, સ્થાનિક પોલીસ સહિતની સુરક્ષા એજન્સીઓ અવારનવાર ડ્રગ્સની સિન્ડિકેટનાં સૂપડાં સાફ કરી દે છે.

પરંતુ સમય જતાં બીજી સિન્ડિકેટ બની જાય છે. ડ્રગ્સ માફિયાઓની નજર ગુજરાતના યુવાઓ પર છે તે કોઇ પણ ભોગે તેમને ડ્રગ્સના રવાડે ચઢાવવા માંગે છે.

જેતપુરની ભાદર કેનાલમાંથી યુવાનનો મૃતદેહ મળ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

જેતપુર, તા. ૮

જેતપુરની ભાદર કેનાલમાંથી ધર્મેશ કકૈયા (ઉ.વ.૪૫) નામના યુવાનનો મૃતદેહ મળી આવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ અંગે મળતી વિગતો એવા પ્રકારની છે કે જેતપુરની ભાદર કેનાલમાં ધર્મેશ કકૈયા નામના યુવાનનો મૃતદેહ તરતો હોવાનો નજરે પડતા રાકેશ સોલંકી નામના યુવાને કેનાલમાં ઝંપલાવી આ મરનાર યુવાનનો મૃતદેહ બહાર કાઢયો હતો. આ મરનાર યુવાન વર્ધમાન પ્રિન્ટ નામના સાડીના કારખાનાની ઓફીસ સંભાળતો હતો જયારે મરનારના પિતા શહેરની સરસ્વતી વિનય મંદિર હાઇસ્કુલમાં આચાર્ય તરીકે ફરજ બજાવતા હતા.

મૃતકને સંતાનમાં બે સગીર પુત્રો હોવાનું અને બંને અભ્યાસ કરતા હોવાનું જાણવા મળે છે. આ બનાવ અકસ્માતે મોત કે પછી આપઘાતનો જે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

ગોંડલના કમઢિયામાં સ્ટેટ મોનિટરિંગ સેલનો દરોડો,દેશી દારૂની મિનિ ફેક્ટરી ઝડપાઈ

દેશી દારૂની મિનિ ફેક્ટરીનું સંચાલન કરનારા ૩ ઝડપાયા, ૨ શખ્સો ફરાર

(સૌરાષ્ટ્ર ક્રાંતિ પ્રતિનિધિ-રાજકોટ)

ગોંડલ.તા.૮

ગોંડલ તાલુકા પોલીસને ઊંઘતી રાખીને તાલુકાનાં કમઢીયા ગામની સીમમાં આવેલ ભાદર નદીના કાંઠે ચાલી રહેલી દેશી દારૂની મીની ફેક્ટરી પર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડીને ૫૬૫ લીટર દેશી દારૂ તથા કાચી સામગ્રી, છકડો રીક્ષા સહીત રૂ. ૧,૨૮,૧૫૪ નો મુદામાલ કબ્જે કરી ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. દરોડામાં બે શખ્સો ફરાર થઈ ગયા હતા.ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારના કમઢીયા ગામે ભાદર નદીકાંઠે દેશી દારૂની ભઠ્ઠી ધમધમતી હોવાની સચોટ બાતમી આધારે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડયો હતો સ્ટેટની ટીમે દરોડો પાડતા જ બુટલેગરોમાં નાસભાગ મચી ગઈ હતી જો કે પોલીસે તુરંત ત્રણ શખસોને સકંજામાં લઇ લીધા હતા પોલીસે અહીં દેશી દારૂની ભઠ્ઠી ચલાવતા સુરેશ સોલંકી, સુરેશ માવી અને જેન્તી પરમારને ઝડપી લીધા હતા તેમજ ઘટનાસ્થળેથી ૫૬૫ લીટર દેશી દારૂ, દારૂ બનાવવામાં ઉપયોગમાં લેવાતી સામગ્રી, ભઠ્ઠીના સાધનો, છકડો રીક્ષા, સહિત ૧,૨૮,૧૫૪ રૂપિયાનો મુદામાલ કબ્જે કર્યો હતો જયારે પોલીસને જોઈ નાસી છુટેલા બે શખસોની શોધખોળ હાથ ધરી હતી. સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે તાલુકા પોલીસમાં ગુનો રજીસ્ટર કરાવવા તજવીજ હાથ ધરી હતી સ્થાનિક પોલીસને ઊંઘતી રાખી સ્ટેટની ટીમએ દરોડો પાડતા સ્થાનિક પોલીસની આબરુનું ધોવાણ થઇ ગયું.દેશી દારૂની મીની ફેક્ટરીનું સંચાલન કરનારા ત્રણ શખ્સો ઝડપી તાલુકા પોલીસને સોંપાયા હતા. જ્યારે ભઠ્ઠી ચલાવનારા ૨ આરોપી ફરાર થઈ ગયા હતા.

ખંભાળિયા, કલ્યાણપુરમાં દારૂના જથ્થા સાથે બે શખ્સો ઝડપાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતિ પ્રતિનિધિ-રાજકોટ)

જામ ખંભાળિયા, તા.૮

ખંભાળિયા તાલુકાના ભાડથર ગામે રહેતા દિલીપ જીવણભાઈ ફૂડાચ નામના ૩૫ વર્ષના ગઢવી શખ્સના રહેણાંક મકાનમાં એલસીબી પોલીસે દરોડો પાડી, આ સ્થળેથી રૂપિયા ૪,૦૦૦ની કિંમતની વિદેશી દારૂની ૧૦ બોટલ કબ્જે કરી હતી. દારૂનો આ જથ્થો તેણે મોરબીના ઋષિરાજસિંહ જાડેજા પાસેથી મેળવ્યો હોવાનું પણ ખુલવા પામ્યું છે. જેથી પોલીસે દિલીપ ફૂડાચની અટકાયત કરી, ઋષિરાજસિંહ જાડેજાની ધરપકડ માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

અન્ય એક કાર્યવાહીમાં એલસીબી પોલીસે કલ્યાણપુર તાલુકાના માળી ગામે રહેતા ગઢવી રણમલ જીવણ જામના કબજાની ઝુંપડીમાંથી જુદી-જુદી બનાવટની ૪૦ બોટલ પરપ્રાંતીય શરાબનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે રૂપિયા ૧૬,૦૦૦ નો મુદ્દામાલ કબજે લઈ, પ્રોહી. એક્ટ મુજબ કાર્યવાહી કરી હતી.

વેલનાથપરામાં પ્રેમપ્રકરણ મામલે બે જુથ વચ્ચે સશસ્ત્ર ધિંગાણું, પાંચ ઘવાયા

કમલેશ ભરવાડને યુવતીએ મળવા બોલાવ્યા બાદ તેના પરીવારજનો ધારીયા અને પાઈપથી તુટી પડયાઃ યુવકને બચાવવા વચ્ચે પડેલા તેના ત્રણ ભાઈઓને પણ મારમાર્યો,પોલીસે તપાસ હાથ ધરી

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૮ :

રાજકોટના મોરબી રોડ પર વેલનાથપરામાં આવેલ મામાદેવના મંદિર પાસે મોડી રાત્રીના ભરવાડના બે જુથ વચ્ચે પ્રેમ પ્રકરણ મામલે સશસ્ત્ર ધિંગાણું થતાં પાંચ લોકો ગંભીર રીતે ઘવાતાં સારવારમાં સિવિલ હોસ્પિટલે ખસેડાયા હતા. બનાવ અંગે ડિવિઝન પોલીસને જાણ થતા દોડી ગઈ હતી.પ્રાપ્ત વિગત અનુસાર, વેલનાથપરા ૧૧માં રહેતાં કમલેશ મેપાભાઈ વરૂ (ઉ.વ.૨૩) ગત રોજ ઘરે હતો. ત્યારે તેને અગાઉ જે તેની પાછળની શેરીમાં રહેતી ભરવાડ યુવતી સાથે પ્રેમ હતો. જે યુવતીએ ગત રાત્રીના વેલનાથ પરામાં આવેલ મામા સાહેબના મંદિર પાસે મળવા માટે બોલાવ્યો હતો. જેથી યુવક તેને મળવા માટે પહોંચ્યો

ત્યાં તેના પરિવારના રાજા આલા છગન સહિતના ૧૫ જેટલા શખ્સો હથીયાર સાથે ઉભા હતા અને અચાનક જ કમલેશ ઉપર ધારીયા અને પાઈપથી હુમલો કર્યો હતો.બનાવ અંગે સ્થાનિક લોકોએ કમલેશના પરીવારને જાણ કરતાં દોડી આવેલા તેના ભાઈઓ વિરમ (ઉ.વ.૨૦) સતિષ (ઉ.વ.૧૮) અને સિંધા (ઉ.વ.૨૮) ઉપર પણ શખ્સોએ ધારીયાથી હુમલો કર્યો હતો. જે બાદ ઈજાગ્રસ્તોને સંબંધીએ પોલીસને જાણ કરતાં પી.સી.આર.વાન દોડી આવતાં હુમલો કરનાર નાસી છુટયા હતો.વધુમાં ઈજાગ્રસ્તના સંબંધીએ આક્ષેપ કર્યો હતો કે કમલેશે પ્રેમીકાએ સાથે પ્રેમ સંબંધ તોડી નાખ્યો હોવા છતા યુવતીએ તેને ફોન કરી મળવા માટે બોલાવ્યો હતો અને જો મળવા નહીં આવે તો આપઘાત કરી લેશે તેવી ધમકી આપતા કમલેશ તેને મળવા ગયો અને યુવતીના પરીવારજનોએ હુમલો કર્યો હતો.

જયારે સામાપક્ષે ગંભીરરીતે ઘવાયેલા ઘેલાભાઈ દેવાભાઈ ટોયટા (ઉ.વ.૩૦) (રહે. વેલનાથ પરા.૨૨)એ હોસ્પિટલ બિછાનેથી જણાવ્યું હતું કે, તેની ભત્રીજીને કમલેશ વરૂ અવાર-નવાર મેસેજ અને ફોન કરી હેરાન કરતો હોઈ જે મામલે તેને અગાઉ પણ સમજાવેલ હતો કે તું હવેથી અમારી પુત્રીને મેસેજ કે ફોન કરતો નહીં છતાં ગતરોજ રાત્રે તેમની ભત્રીજીને ફોન કરીને મામા સાહેબના મંદિર પાસે મળવા બોલાવી હતી.ત્યારે તેના મોટાભાઈએ બંન્નેને રંગે હાથ પકડી લીધા હતા અને તેને છરીથી સમજાવેલ હતો. બાદમાં કમલેશ અને તેના ભાઈઓ વિરમ, સતિષ સહીતના શખ્સો ધારીયા અને પાઈપ લઈ ધસી આવ્યા હતાં. અને તેમની પર જીવલેણ હુમલો કર્યો હતો. બનાવમાં અંગે સીવીલ ચોકીના સ્ટાફે બી.ડિવિઝન પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી ગયો હતો અને ઈજાગ્રસ્તોના નિવેદન નોંધી ગુનો નોંધવા તજવિજ હાથ ધરી હતી.

શાપરમાં વીજ ટ્રાન્સફોર્મર ફાટતાં ગરમ ઓઇલથી યુવાન દાઝ્યો

રાજકોટ તા. ૮: શાપર વેરાવળમાં શિતળા મંદિર પાસે રહેતાં અને કંપનીમાં કામ કરતાં મુળ યુપીના રાજુ ધરમુભાઇ ગૌડ (ઉ.વ.૩૦) નામના યુવાન પર સાંજે તે શાપર વેરાવળના બ્રીજ નીચે વિજ ટ્રાન્સફોર્મર પાસે ઉભો હતો ત્યારે એકાએક ટ્રાન્સફોર્મરની ઓઇલ ટેન્ક ફાટતાં ગરમ ઓઇલ ઉડતાં દાઝી ગયો હતો. તેને શાપર સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાતાં શાપર પોલીસને જાણ કરાઇ હતી.

ઓફીસ ભાડે આપવાની છે

ગોડલ રોડ પર, રામ ચેમ્બર્સ, પહેલો માળ, ફર્નિચર સાથે ઓફીસ ભાડે આપવાની છે. ભાડુ રૂ.૬૦૦૦

સંપર્કઃ ૯૮૨૫૩ ૧૭૬૦૭

અ.ભા.વિ.પ ગુજરાતનું પ૪મું પ્રદેશ અધિવેશન સંપન્ન

અધિવેશનની ધ્વજારોહણ સાથે મંગલમય શરૂઆત બાદ પુનઃ નિર્વાચિત પ્રદેશ અધ્યક્ષ, મંત્રીએ વિધિવત પદભાર ગ્રહણ કર્યો

૪ મહાનગરો અને ૩૫ જિલ્લામાં જિલ્લા સંમેલન હેઠળ છાત્ર હુંકાર નામક વિશાળ વિદ્યાર્થી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૮

તા.૬,૭,૮ જાન્યુઆરી ના રોજ ભાવનગર ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનું ૫૪મું પ્રદેશ અધિવેશન ભાવનગરની પાવન ધરા પર યોજાયું. આ અધિવેશનમાં પ્રદર્શનીનું નામ ગિજુભાઈ બધેકા પ્રદર્શની રાખવામાં આવ્યું હતું. આ પ્રદર્શનીમાં મતદાન જાગૃતિ અભિયાન, જનજાતિ મેળાઓ, અ.ભા.વિ.પ ગુજરાતના વિવિધ આંદોલન, વિવિધ કાર્યક્રમોની ઝાંખી કરાવતા અને અ.ભા.વિ.પ ના આયામ કાર્ય અને ગતિવિધિના કાર્યક્રમો પુસ્તકો, વિવિધ ચિત્રો, ભાવનગરની સ્થાનિક વિશેષતાઓ જેવા વિવિધ ચિત્રો સાથે પ્રદર્શનીનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

અધિવેશનની પધ્ધતિ અનુસાર સૌ પ્રથમ અ.ભા.વિ.પ પ્રાંત અધ્યક્ષ તથા મંત્રી દ્વારા ધ્વજારોહણ કર્યા બાદ અધિવેશનનો શુભારંભ કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ પ્રાસ્તાવિક સત્ર માં પ્રદેશ અધ્યક્ષ ડો.સંજયભાઈ ચૌહાણ પ્રાસ્તાવિક ભૂમિકા મૂકી. ત્યાર બાદ પુનઃ નિર્વચિત પ્રદેશ અધ્યક્ષ ડો. સંજયભાઈ ચૌહાણ તથા પ્રદેશ મંત્રી યુતિ ગજરેએ પદભાર ગ્રહણ કર્યો હતો.

ઉદ્ઘાટન સત્રમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉદઘાટક તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પોતાના વકતવ્યમાં કહ્યું કે, અ.ભા.વિ.પ એટલે શિક્ષણ, વ્યકિતત્વ વિકાસ, ચારિત્ર ઘડતર, રાષ્ટ્રભકિત, સમાજસેવા અને યુવાઓમાં કૌશલ્ય નિર્માણની પહેલોને એક છાત્ર નીચે આવરી લેતું એક અભૂતપૂર્વ સંગઠન છે. યુવાઓમાં હકારાત્મક રાષ્ટ્ર ભાવ વિકસાવવામાં વિદ્યાર્થી પરિષદ અગત્યની ભૂમિકા વિશે પણ વાત કરી. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ૫૪ માં પ્રદેશ અધિવેશનના બીજા દિવસે ભાષણ સત્ર ૨ માં અ.ભા.વિ.પ ના રાષ્ટ્રીય સહ-સંગઠન મંત્રી પ્રફુલ્લ એકાંતે આત્મ નિર્ભર ભારતનો સંકલ્પ : સ્વાવલંબી ભારત વિષય પર ભાષણ આપ્યું.

આ અધિવેશનમાં વિરક્રાંતિકારી, ભારત માતાના પુત્રોને સન્માનિત કરવામાં આવ્યા. અ.ભા.વિ.પ નું મુખ્ય આકર્ષણ શોભાયાત્રા ભાવનગર શહેર ખાતે નીકળી જેમાં આ શોભાયાત્રા મહારાજા કૃષ્ણકુમારસિંહજી નગર થી નીકળીને સરદાર સર્કલ થી સંસ્કાર મંડળ ત્યાર બાદ કોલેજ સર્કલ, વાઘાવાડી રોડ, સરકારી આર્ટથી તખ્તેશ્વર પ્લોટ સુધી યાત્રા રહી હતી અને પોલીસ સ્ટેશનની સામે ખુલ્લું અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું.

સમગ્ર અધિવેશનની આયોજીત કરનાર ભાવનગરના કાર્યકર્તાઓનો વ્યવસ્થા પરિચય કરવામાં આવ્યો. ત્યારબાદ આગામી વર્ષ ૨૦૨૨ - ૨૦૨૩ ની પ્રદેશ કારોબારીની ઘોષણા કરવામાં આવી. અ.ભા.વિ.પ ના ૭૫ વર્ષની વિશેષ યોજના હેઠળ સમગ્ર ગુજરાતના ૪ મહાનગરો અને ૩૫ જિલ્લાઓમાં જિલ્લા સમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિરાટ વિદ્યાર્થી સંમેલનનું આયોજન દરેક ગુજરાતના દરેક જિલ્લા સ્થાનો પર કરવામાં આવ્યું હતું. જેમાં દરેક સ્થાન પર મુખ્ય અતિથિ તરીકે વિવિધ ક્ષેત્રેના ખ્યાતનામ વ્યકિતઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. દરેક જિલ્લા પર અને તેમાં તમામ જિલ્લાના સ્થાનિક વિષયો, વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોને લઈને પ્રસ્તાવો પણ પારીત કરવામાં આવ્યા હતા. અરવલ્લી જિલ્લાના ખાતે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ માંગ માટેનો પ્રસ્તાવ પારીત થયો હતો. આમ તમામ જિલ્લા સ્થાનો પર ત્યાં ના મૂળ સ્થાનિક શૈક્ષણિક અને સામાજીક વિષયોને લઈને વિવિધ પ્રસ્તાવિત કરવામાં આવ્યા હતા. આ તમામ સમગ્ર ગુજરાતમાં આયોજિત જિલ્લા સમેલાનોમાં કુલ ૩૧ હજારથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

પુત્રી પર દુષ્કર્મ આચરનાર પિતાની જામીન અરજી રદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૮

તાલુકા પોલીસ મથકના વિસ્તારમાં પુત્રી પર દુષ્કર્મ આચરનાર પિતા સામે તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાતા તે ગુન્હોમાં પોલીસે આરોપી હરેશ સોલંકીની ધરપકડ કરી જેલ હવાલે કરેલ અને આરોપી સામે ચાર્જશીટ દાખલ કરેલ આ કેસ કોર્ટમાં ચાલવા ઉપર આવતા આરોપીએ જામીન ઉપર છુટવા જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી સામે સમાજ વિરોધી ગુન્હો છે આરોપીએ પિતા પુત્રીના સંબંધોને કલંક લગાડવાનું કામ કરેલ છે આવા સમાજ વિરોધી ગુનેગારોને જામીન આપવા જોઈએ નહીં તે રજૂઆતોને ધ્યાને લઈ સેશન્સ જજ જે.ડી સુથારે આરોપીની જામીન અરજી રદ કરેલ છે.

આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા.

ધણીમાતંગ દેવ મહોત્સવની શોભાયાત્રાનું સ્વાગત કરતા પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી મહેશ રાજપુત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૮

સમસ્ત મહેશ્વરી સમાજ-રાજકોટ દ્વારા ધણીમાતંગ દેવ જન્મજયંતી મહોત્સવની શોભાયાત્રા (સામૈયા)નું આયોજન કરવામાં આવેલ હતું. સામૈયા શોભાયાત્રાનું જયપ્રકાશ નગર ગણેશ મંદિર ખાતેથી પ્રસ્થાન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી મહેશભાઈ રાજપુત તથા રાજકોટ શહેર કોંગ્રેસ એસ.સી. વિભાગના ચેરમેન નરેશભાઈ સાગઠીયા, રાજકોટ મહેશ્વરી સમાજના ધર્મ ગુરૂ હીરાભાઈ જુમાભાઈ માતંગ, મારાજ કાનજીભાઈ પેરાજભાઈ, પ્રમુખ પુનમભાઈ નારણભાઈ ઘેડા,ઉપપ્રમુખ ભાવેશભાઈ વિસરીયા, કાર્યકારી પ્રમુખ હરીભાઈ દેવરિયા, મહામંત્રી-મહેશભાઈ માતંગ અને હરેશભાઈ વી.થારૂ સહિતના આગેવાનો સમાજના ભાઈઓ બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ નાગરિક બેંકના ડિફોલ્ટરને પાંચ ચેક રિટર્નના કેસમાં પાંચ વર્ષની સજા વળતરની રકમ ચૂકવવા હુકમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૮

બેંકમાંથી લોન લઈ ભરપાઈ ન કરનાર ડિફોલ્ટરો માટે ફરી એકવાર સજા સાથે દાખલારૂપ ચુકાદો હળવદની કોર્ટે આપ્યો છે. વિગતથી જોઇએ તો, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની હળવદ શાખાના ખાતેદાર પાટણ નિવાસી પટેલ મુકેશકુમાર ખેમચંદભાઇને વિવિધ ધિરાણ અપાયેલ હતું. થોડા સમય બાદ આ ખાતાઓ ડિફોલ્ટર (એનપીએ) થયા હતા. ખાતેદારે વસુલી પેટે રૂા. ૩ કરોડ ૭૦ લાખના કુલ પાંચ ચેક આપેલ તે પરત ફર્યા હતા.

જેથી બેંકે તા.૧-૧૨-૨૦૨૦, તા.૫-૧૨-૨૦૨૦, તા.૫-૭-૨૦૨૧ ના પાટણના બિલ્ડર પટેલ મુકેશકુમાર ખેમચંદભાઇ સામે હળવદની નેગોશીયેલ કોર્ટમાં ચેક રિર્ટનના કુલ પાંચ કેસ દાખલ કર્યા હતાં. ખાતેદારે ચેક રિટર્નની મૂળ રકમ જેટલી રકમ જમા કરાવી ન હતી.

આથી, ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ નામદારની કોર્ટે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ પાટણ નિવાસી પટેલ મુકેશકુમાર ખેમચંદભાઇને કુલ પાંચ વર્ષની જેલની સજા અને ચેક રિટર્નના વળતરરૂપે રૂા. ૩ કરોડ ૭૦ લાખની રકમ ચુકવવાની સજા ફરમાવી હતી. આ ઉપરાંત કોર્ટમાં દંડ રકમ પેટે કુલ રૂા. દોઢ લાખ જમા કરાવવાના રહેશે. જો પાટણ નિવાસી પટેલ મુકેશકુમાર ખેમચંદભાઇ આ રકમ ન ચુકવે તો પ્રતિ ચેક રિટર્નની સજા પેટે ૬-૬ માસની વધારાની કેદની સજા ફરમાવી હતી.

ચેક રિટર્નનાં કેસની આ કામગીરીમાં બેંક વતી વિદ્વાન એડવોકેટ પ્રદ્યુમનસિંહ મકવાણા, ફરિયાદી વિક્રમસિંહ ડોડિયા અને યોગેશભાઇ દવે રોકાયેલ હતા. ચેક રિર્ટનનાં કુલ પાંચ કેસમાં પાંચ વર્ષની જેલની સજા અને વળતરનો ચુકાદો આવતાં બેંકનાં અન્ય બાકીદારોમાં ફફડાટ અને ગભરાટ ફેલાઇ ગયો છે.

પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાઈ ડિઝાઇનિંગ એન્ડ પ્રિન્ટિંગ સ્પર્ધા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૮

પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલ, રાજકોટ ખાતે વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, કોમ્પ્યુટર તથા પ્રૌદ્યોગિકી જેવા વિષયોમાં રસ પેદા થાય અને તેમને પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવા માટેના હેતુથી ગઈકાલના રોજ "3D ડિઝાઇનિંગ એન્ડ પ્રિન્ટિંગ સ્પર્ધા-ભવિષ્યની અભિકલ્પના'' નામક આંતર શાળા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ 3D સ્પર્ધામાં ભાગ લીધો હતો અને તેમના મંતવ્યો રજૂ કર્યા હતા અને તેમની અંદર છુપાયેલી યોગ્યતા બહાર લાવ્યા હતા. આ સ્પર્ધાનો ઉદ્દેશ્ય યુવાન દિમાગમાં જિજ્ઞાસા, સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિને ઉત્તેજન આપવાનો છે. અને ડિઝાઇન માઇન્ડસેટ, કોમ્પ્યુટેશનલ થિંકિંગ, એડપ્ટિવ લર્નિંગ, ફિઝિકલ કમ્પ્યુટિંગ વગેરે જેવા કૌશલ્યો કેળવવાનો છે.

આ આંતરશાળા સ્પર્ધા ૪ અલગ અલગ શ્રેણીમાં યોજાઈ હતી જેમકે 3D ટોય એરેના, 3D ઓટોમોટિવ મોડેલિંગ, 3D આર્કિટેક્ચરલ મોડલ્સ, 3D આધુનિક ફાર્મ જેમાં ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલ, રાજકોટનાં વિદ્યાર્થીઓ તમામ ૪ શ્રેણીમાં વિજેતા જાહેર થયા હતા.

રાજ્યની ઉર્જાની જરૂરિયાતો થશે પૂરી

૨૦,૦૦૦ મેગાવોટના ઓફશોર વિન્ડ પાવર પ્રોજેક્ટને મળી મંજૂરી

એકવાર કાર્યરત થયા બાદ રાજ્યની વીજ જરૂરિયાતોનો મોટો હિસ્સો સંતોષાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૮

દેશના સૌથી મોટા પુનઃ પ્રાપ્ય ઉર્જા એકમોમાંના એક તરીકે કેન્દ્ર સરકારે ગુજરાતના દરિયાકાંઠે ઓફશોર પવન ઉર્જા ઉત્પાદન માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

૨૦,૦૦૦ મેગાવોટ અથવા ૨ ગીગાવોટ પવન ઉર્જાનું ઉત્પાદન કરવાની પરિકલ્પના આ પ્રોજેકટમાં કરવામાં આવી છે. જેમાં ઓફશોર પવનચક્કી સ્થાપવામાં અંદાજે રૂ. ૧૬,૦૦૦ કરોડના રોકાણ અને ઓનશોર ટ્રાન્સમિશન ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપનામાં રૂ.૨૦,૦૦૦ કરોડથી રૂ. ૨૪,૦૦૦ કરોડના વધારાના રોકાણની કલ્પના કરવામાં આવી છે.

સૂચિત પ્રોજેકટ હેઠળ ઉત્પાદિત તમામ પાવર રાજ્ય સરકાર દ્વારા ખરીદવામાં આવશે. સૂત્રો મુજબ કેન્દ્રીય રિન્યુએબલ એનર્જી મંત્રાલય ગુજરાતના દરિયાકાંઠે ઓફશોર વિન્ડ પાવર જનરેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપવા માટે બિડ આમંત્રિત કરશે. રાજ્ય સરકાર ટ્રાન્સમિશન નેટવર્ક સહિત દરિયાકાંઠે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપવા માટે કેન્દ્ર સાથે ભાગીદારી કરશે.

આ પ્રોજેકટ અંતર્ગત કાર્યરત સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર જનરેટર્સ સાથે પાવર પરચેઝ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરશે અને તેમના દ્વારા ઉત્પાદિત તમામ પાવર ખરીદશે.આ પ્રોજેકટ રાજ્યની ઉર્જાની જરૂરિયાતોને પહોંચી વળવામાં ઘણો આગળ વધશે.

તો રાજ્ય સરકારના અન્ય સૂત્રોએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર નવીનીકરણીય ઉર્જા ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે પહેલેથી જ જાહેર કરાયેલી યોજનાઓ હેઠળ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપવા માટે ભંડોળની જરૂર હોય તેવી સંસ્થાઓને Viability Gap Funding પણ આપશે.રાજ્ય સરકાર દ્વારા પવન ઉર્જા ઉત્પાદન પર તૈયાર કરાયેલ અહેવાલ જણાવે છે કે રાજ્યનો ૧,૬૦૦ કિ.મી.નો દરિયાકિનારો 32 GW અને 35 GW ની વચ્ચે ઓફશોર પવન ઉર્જા ઉત્પાદનની સંભાવના પ્રદાન કરે છે.

રાજ્યમાં વર્તમાન પવન ઉર્જાનું ઉત્પાદન 9,860.6MW છે.રાજ્ય સરકારે દરિયા કિનારે પાંચ વિસ્તારો ઓળખી કાઢ્યા છે જે ઓફશોર વિન્ડ પાવર ઉત્પાદન માટે યોગ્ય છે.આ પ્રદેશોનો સંયુક્ત ક્ષેત્રફળ ૮,૧૫૯ કિમી છે અને દરિયાકાંઠે આવેલા આ પાંચ પ્રદેશોમાં 37.2GW વીજળી ઉત્પન્ન કરી શકાય છે.આ પ્રદેશો સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ખંભાતના અખાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં આવેલા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે એકવાર કાર્યરત થયા બાદ રાજ્યની વીજ જરૂરિયાતોનો મોટો હિસ્સો સંતોષવામાં આવશે.

અમરેલી ક્રાઈમ

પ્રૌઢ શ્રમિકનું ઈલેકટ્રીક શોક લાગતા મૃત્યુ

ધારી તાલુકાનાં છતડીયા ગામે રહેતા અને મજૂરી કામ કરતા રમેશભાઈ હીરાભાઈ બાંભણીયા નામના ૫૫ વર્ષીય પ્રૌઢ તા.૫ ના રોજ વાઘવડી ગામની સીમમાં પોતાએ રાખેલ ભાગવી વાડીમાં પાણી વાળવા ગયેલા અને વાડીએ ઈલેકટ્રીક મોટરનું સ્ટાર્ટર રાખવાની ઓરડીમાં સ્ટાર્ટર ફયુઝ સાથે કોઈ કારણોસર ઈલેકટ્રીક શોક લાગતા તેમનું મોત નિપજયાનું ચલાલા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

કોપર વાયરની ચોરી

બાબરા તાલુકાના ખંભાળા તથા શીરવાણીયા ગામે આવેલ બે અલગ અલગ પવનચકકીનાં થાંભલાનાં દરવાજા તોડી કોઈ અજાણ્યા ચોર ઈસમે અંદર પ્રવેશ કરી બન્ને મળી કુલ ૮૮ મીટર કોપર વાયર કિંમત રૂા.૧,૪૪,૮૦૦નાં મુદામાલની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ બાબરા પોલીસમાં નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધતુરાના બી ખાઈ જતાં બે વર્ષના બાળકનું મોત

અમરેલીમાં ધતુરાના બી ખાઈ જતાં બે વર્ષનો બાળક બેભાન થઈ ગયા બાદ સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલે ખસેડાયા બાદ તેનું મોત નિપજતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પ્રાપ્ત વિગત અનુસાર અમરેલીના જેશીંગપરામાં રહેતા રવિભાઈ ગોહેલ મજુરીકામ કરે છે અને સંતાનમાં બે પુત્ર અને એક પુત્ર છે. જેમાં બે વર્ષના પુત્ર તિર્થને તેની મોટીબેન ઘર બહાર રમાડતી હતી ત્યારે મકાન પાસે વાડમાં ઉગી નીકળેલ ધતુરાના ડોડવામાંથી બી ખાઈ જતાં તિર્થ બેભાન થઈ ગયો હતો. જેને તાત્કાલિક સારવારમાં પ્રથમ અમરેલી અને બાદમાં વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલે ખસેડાયો હતો. જયાં તેનું આજે વ્હેલી સવારે મોત નિપજયું હતું. બનાવ અંગે સિવિલ ચોકીનાં સ્ટાફે અમરેલી પોલીસે જાણ કરતા સ્ટાફ દોડી આવ્યો હતો. બે બહેનોના એકના એક ભાઈના મોતથી પરિવારમાં આક્રંદ છવાયો હતો.

દેહદાન મહાદાન

અવસાન નોંધ

લોઢવા : નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ પ્રવીણચંદ્ર વ્રજલાલ ઓઝા (ઉ.વ ૬૭) તે વ્રજલાલ વીરજીભાઈ ઓઝાના સુપુત્ર, ભરતભાઈ, જ્યોત્સનાબેન, રેખાબેનના મોટાભાઈ, હાર્દિકભાઈના પિતા (લોઢવા), ભરતભાઈ જગજીવનભાઈ મહેતા (માંગરોળ) ના જમાઈ તથા સ્વ. સંજયભાઈ જયેન્દ્રભાઈ મહેતા (વેરાવળ)ના બનેવીનું તા.૬/૨ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું (બંને પક્ષ) તા.૯/૨ ને ગુરૂવાર ૨ થી ૫ કલાકે લોઢવા મુકામે નિવાસસ્થાને રાખેલ છે.

અમરેલી : મોહનભાઈ વી. વાળાનાં ધર્મપત્ની લક્ષ્મીબેન (ઉ.વ. ૭૭)નું તા.૬/૨ ને સોમવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૯/૨ ને ગુરૂવારના બપોરે ૩થી ૬ દરમિયાન શશાંક મહાજન પાર્ટી પ્લોટ, ગોપી સિનેમા પાસે, અમરેલી.રાખેલ છે.

અમરેલી : કૃષ્ણગઢ નિવાસી વિષ્ણુપ્રસાદ હરિલાલ ત્રિવેદી (ઉ.વ. ૯૦) તે પ્રતાપભાઈનાં કાકા તથા સ્વ.ચંદ્રકાંતભાઈ, પ્રફુલભાઈ, પંકજભાઈ, સંજયભાઈ તથા હર્ષાબેનનાં પિતાજીનું તા.૭/૨ ને મંગળવારનાં રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૯ને ગુરૂવાર સવારના ૯થી સાંજના ૫ કલાક સુધીકૃષ્ણગઢ મુકામે રાખેલ છે.

અમરેલી : યશવંતીબેન ભટ્ટ (ઉ.૬૫) તે ગુણવંતરાય ભટ્ટના પુત્રી તેમજ યજ્ઞેશભાઇ પંડયા, સાવનભાઈ પંડયા (જીઓ જે.એમ.સી) તથા મેઘનાબેન પંડયાના માતા તેમજ ચેતનકુમાર પંડયાના સાસુ અને નિશિત, જીયાના નાની અને ખ્રિસા તથા જીસ્વાના દાદીનું તા.૭ ના રોજ અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તથા પિયર પક્ષની સાદડી તા.૯ ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે પરશુરામ ધામ, રેલવે સ્ટેશનની બાજુમાં અમરેલી મુકામે રાખેલ છે.

હત્યાની કોશિષના ગુન્હામાં આરોપી જામીન મુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૮

ધોરાજી મુકામે પોતાની પ્રેમીકાને જાનથી મારી નાખવાના ઈરાદે હુમલો કરી તેનુ નાક અને વાળ કાપી નાખનાર આરોપી વિરૂધ્ધ ધોરાજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા આરોપીની ધરપકડ કરવામાં આવેલ હતી આરોપીએ જામીન અરજી કરતા જામીન અરજી મંજુર કરવામાં આવેલ હતી.

આ કેસની ફરિયાદ મુજબ ફરિયાદી ફરજાના બેન સિતારભાઈ માલવિયા તેમના પતિ અને ત્રણ સંતાનો સાથે રહેતા હતા ત્યારે ગોંડલ ખાતે સુલતાન ઉર્ફે ટીપુ જાનમહમદમાં જુણેજા સાથે તેમને પ્રેમ સંબંધ બંધાયેલ હતો અને અવારનવાર ફરિયાદીના ઘરે આવતો હતો ત્યારબાદ ફરિયાદીના તેમના પતિ સાથે છૂટાછેડા થઈ ગયા બાદ ફરિયાદી રાજકોટ મુકામે પોતાના સંતાનો સાથે રહેવા લાગેલ હતા પરંતુ ત્યા આરોપી ફરિયાદીને અવારનવાર મારફૂટ કરતો હતો જેથી ફરિયાદી પોતાની માતાને ત્યાં ધોરાજી મુકામે રહેવા ચાલ્યા ગયેલ હતા.

જયાં આરોપી ટીપુ ઉર્ફે સુલતાન અને રાહુલ બંને હાથમાં છરી લઈને આવેલ હતા અને સુલતાન દ્વારા વાળ કાપવાના મશીનથી ફરીયાદીના માથાના આગળના ભાગના વાળ કાપી નાખેલ હતા. અને ફરીયાદીની બહેન અને માતા છોડાવા પડતા તેમને પણ ઈજાઓ થયેલ હતી. જેથી ફરિયાદીને પ્રથમ ધોરાજી અને ત્યારબાદ જૂનાગઢ હોસ્પિટલમા સારવાર માટે દાખલ કરવામા આવેલ હતા અને જે સબબની વિગતવાર ફરિયાદ ફરિયાદી દ્વારા ધોરાજી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ હતી. જે સબબ કુલ બે આરોપી સુલતાન ઉર્ફે ટીપુ જાનમહમદ જુણેજા તથા રાહુલ નામના આરોપીઓની ધરપકડ કરવામા આવેલ હતી.

જે અન્વયે આરોપી સુલતાન ઉર્ફે ટીપુ જાનમહમદ જુણેજાએ ચાર્જશીટ

એડવોકેટઃ સાહીસ્તાબેન ખોખર

થઈ જતા પોતાના એડવોકેટ મારફત જામીન મુકત થવા માટે ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરતા જામીન અરજી મંજુર રાખતો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપી વતી રાજકોટના એડવોકેટ સાહીસ્તાબેન એસ. ખોખર, રણજીત એમ. પટગીર, તેમજ ગુજરાત હઈકોર્ટમાં મોહમદ ઝઈદ આઈ. સૈયદ રોકાયેલ હતા.

મોકાની ઓફીસ વેચવાની છે

રાજકોટના પોશ વિસ્તારમાં ચાલુ ભાડા તેમજ ફર્નીચર સાથે ૧૦૫, રામ ચેમ્બર, ઢેબર રોડ રાજકોટ પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.

સંપર્કઃ ૯૫૧૨૮ ૯૫૧૨૫

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

રાજકોટ જિ.પં.ની કારોબારી બેઠકમાં કાલે સ્વભંડોળનું રજૂ થશે ૧૭ કરોડ આસપાસનું બજેટ

ગત વર્ષના બજેટમાં ૫૦ ટકા નાણાં પણ ન ખર્ચાતા કદમાં કરાશે ઘટાડો: સદસ્યોને આરોગ્ય, શિક્ષણ, આંગણવાડી માટે થશે ગ્રાંટની ફાળવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

રાજકોટ જિલ્લા પંચાયતની કારોબારી બેઠક આવતીકાલે મળી રહી છે.આ કારોબારી બેઠકમાં સ્વભંડોળનું ૧૭ કરોડ આસપાસ જેવી રકમનું બજેટ રજૂ થનાર છે.

જો કે, ગત વર્ષના બજેટમાં ૫૦ ટકા નાણાં પણ ન ખર્ચાતા કદમાં ઘટાડો કરાયો હોવાનું અને સદસ્યોને આરોગ્ય, શિક્ષણ, આંગણવાડી માટે ગ્રાંટની ફાળવણી કરાશે તેવું સૂત્રોએ જણાવ્યું હતું. રાજકોટ જિલ્લા પંચાયતનું ૨૦૨૩/૨૪ નું બજેટ તા.૯ના સવારે ૧૧.૩૦ કલાકે કારોબારીમાં રજૂ કરવામાં આવનાર છે. બજેટનું કદ ચાલુ વર્ષના ૨૧ કરોડના બજેટ કરતા ઘટાડાય તેવી શકયતા છે. કારોબારી દ્વારા સ્વભંડોળનું બજેટ રજૂ કરવામાં આવશે અને તેમાં મંજુરી બાદ સામાન્ય સભામાં આખરી મંજૂરી માટે મોકલાશે.

રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા ચાલુ બજેટમાં ગત ડિસેમ્બર સુધીમાં ૪૭ ટકા જ ખર્ચ થઈ શકયો હોવાથી ખર્ચ ઘટાડીને વાસ્તવિક બજેટ માટેનો પ્રયાસ કરાયાનું ચેરમેન સહદેવસિંહ જાડેજાએ કહયું હતું.

રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા સ્વભંડોળનું ૧૭ કરોડ આસપાસનું બજેટ કારોબારીમાં મૂકાશે અને ચર્ચા વિચારણા બાદ સામાન્ય સભાને મોકલવામાં આવશે.

ચાલુ બજેટમાં ૫૦ ટકા આસપાસ માંડ ખર્ચ થઈ શકતા બજેટનું કદ ૨૦ કરોડની અંદર આવે તેવી શકયતા છે.ચાલુ બજેટ ૨૧ કરોડનું હતું અને તેમાંથી ડિસેમ્બર અંતિત ૧૦.૧૨ કરોડનો ખર્ચ થઈ શકયો છે. દરમ્યાન જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપત બોદરે જણાવ્યું હતું કે, આગામી તા.૨૭ મીએ સામાન્ય સભામાં આ બજેટ મૂકાશે.

રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા ૯ મીએ કારોબારીમાં સ્વભંડોળનું બજેટ મંજૂર થયા બાદ સામાન્ય સભામાં મોકલાશે.જિલ્લા પંચાયત પ્રમુખ ભૂપતભાઈ બોદરે કહ્યું હતું કે,બજેટ માટે સામાન્ય સભા તા.૨૭ મી એ બોલાવવામાં આવી રહી છે.

પુના-રાજકોટ-પુના ડેઈલી હવાઈ સેવાની માંગ

ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝની રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

રાજકોટએ MSME સેકટરનું વિકાસ પામતુ ખુબ જ મહત્વનું ઔદ્યોગીક સેન્ટર છે. ત્યારે રાજકોટ દેશના અન્ય ભાગો સાથે હવાઈસેવાથી જોડાણ મળી રહે તે ખુબ જરૂરી બની રહેલ છે. જેથી રાજકોટના ઔદ્યોગીક વિકાસને ઝડપથી આગળ વધારી શકાય. આ હેતુથી હાલમાં રાજકોટ-પુના સાથેના વેપાર વિકાસને જોતા પુના રાજકોટ વચ્ચે સવારે તથા સાંજની હવાઈસેવાની ખાસ જરૂરીયાત જણાય રહેલ છે.

ત્યારે ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા વેસ્ટર્ન ઝોનમાં સર્વિસ આપતી જુદી જુદી હવાઈ કંપનીઓ જેવી કે, એરઇન્ડિયા, ઇન્ડીગો એરલાઇન્સ તથા સ્પાઇસ જેટ એરલાઇન્સ સમક્ષ આ સેવા ચાલુ કરવા ગ્રેટર ચેમ્બર દ્વારા માંગણી કરવામાં આવેલ છે. અને આ અંગે કેન્દ્ર સરકારના નાગરીક ઉડ્ડયન મંત્રાલય સમક્ષ પણ રજૂઆત કરવામાં આવેલ છે અને આ રજૂઆતને યોગ્ય સ્તરે હકારાત્મક રીતે આગળ ધપાવવા આપણા વિસ્તારના લોકપ્રતિનિધિ મોહનભાઇ કુંડારીયા તથા રામભાઇ મોકરીયા સમક્ષ પણ રજૂઆત કરવામાં આવેલ છે.

આશા રાખીએ છીએ કે, સત્વરે હકારાત્મક નિર્ણય લઇ આ રૂટ ઉપર હવાઇસેવા શરૂ કરવામાં આવશે.

આમ એક અખબારી યાદીમાં ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન ધનસુખભાઇ વોરા, પ્રમુખ રાજીવભાઇ દોશી તથા માનદમંત્રી ઉપેનભાઇ મોદી દ્વારા જણાવવામાં આવેલ છે.

પત્રકરાત્વ ભવન દ્વારા ફિલ્મ એપ્રિશિયેશન એન્ડ ફિલ્મ મેકિંગ વિષય પર વર્કશોપનું આયોજન

ઈસરોના પૂર્વ પ્રોગ્રામ પ્રોડયુસર તથા ફિલ્મ મેકર વિદ્યાર્થીઓને તાલીમ આપશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પત્રકારત્વ ભવન આ વર્ષે તેનું સુવર્ણજયંતિ વર્ષ ઉજવી રહ્યું હોવાથી આ સંદર્ભમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થઇ રહયું છે. ત્યારે પ્રતિવર્ષ જે રીતે શૈક્ષણિક કામગીરીની સાથોસાથ વિદ્યાર્થીઓને મીડિયાના વિવિધ ક્ષેત્રોનું પ્રેકટિકલ જ્ઞાન મળે તે માટે વિવિધ વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. તે રીતે આ વર્ષ દરમિયાન તા.૨૦થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાન ફિલ્મ એપ્રિશિયેશન એન્ડ ફિલ્મ મેકિંગ વિષય ઉપર ત્રિ-દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

પત્રકારત્વ ભવન દ્વારા આયોજીત ત્રિ-દિવસિય વર્કશોપમાં ઇસરોના પૂર્વ પ્રોગ્રામ પ્રોડયુસર તથા ફિલ્મ મેકર કમલેશ ઉદાસી ફિલ્મ એપ્રિશિયેશન એન્ડ ફિલ્મ મેકિંગના વિવિધ પાસાઓ પર થિયરોટીકલ અને પ્રેકટીકલ તાલીમ તથા માર્ગદર્શન આપશે. ઇસરો સાથે લાંબા સમય સુધી જોડાયેલ રહેલા કમલેશ ઉદાશી ડોકયુમેન્ટરી ફિલ્મ, શોર્ટ ફિલ્મ, એડ ફિલ્મોના વિવિધ પાસાઓ, પ્રિ-પ્રોડકશન, પોસ્ટ પ્રોડકશન, શુટીંગ, સ્ક્રીપ્ટ રાઇટીંગ વગેરે ક્ષેત્રોનો બહોળો અનુભવ ધરાવે છે. આ ત્રિ-દિવસીય ફિલ્મ એપ્રિશિયેશન એન્ડ ફિલ્મ મેકિંગ વર્કશોપ દરમિયાન કમેલશ ઉદાશી વિદ્યાર્થીઓને સ્ક્રિન પ્લે, સ્ટોરીબોર્ડ, સ્ક્રીપ્ટ રાઇટીંગ અને શુટીંગના વિવિધ પાસાંઓ તથા ફિલ્મ એડિટીંગની સંપૂણ તાલીમ આપશે.

આ ક્ષેત્રમાં રસ ધરાવતા અથવા કારકિર્દિ બનાવવા ઇચ્છતા વિધાર્થીઓ તથા અન્ય લોકોએ આ વર્કશોપમાં જોડાવા માટે તા.૧૭-૨-૨૦૨૩ સુધીમાં રૂબરૂ અથવા ફોન નં. ૦૨૮૧-૨૫૮૬૪૧૮ પર બપોરે ૧૨થી ૫ સુધીમાં સંપર્ક સાધીને વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે.

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

રાજકોટ ડેરીના અધ્યક્ષ ગોરધન ધામેલીયાની મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે શુભેચ્છા મુલાકાત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

GCMMF આણંદ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના સહકારી ડેરી ઉદ્યોગના વિકાસ માટે તેમજ દૂધ સંઘોના દૂધ પરિવહન ખર્ચમા બચત થાય અને જેના લાભ સૌરાષ્ટ્ર-કચ્છના દૂધ ઉત્પાદકોને મળી રહે તે માટે અમુલ ફેડ ડેરી-૨ મેગા ડેરી પ્રોજેકટ બનાવવાનો નિર્ણય કરવામા આવેલ હતો અને રાજકોટ તાલુકાના ગઢકા ગામ ખાતે મેગા ડેરી પ્રોજેકટ બનાવવા માટે પસંદગી કરવામાં આવેલ હતી. GCMMF દ્વારા ગઢકા ગામની સરકારી પડતર જમીન ડેરી પ્રોજેકટ માટે ફાળવવા સરકારમાં રજૂઆત કરતા સરકારએ ગઢકા ગામે ૧૧૫ એકર સરકારી પડતર જમીન ફાળવવા માટે મજુરી આપવામા આવેલ છે જેના આભાર બદલ તેમજ આ મેગા ડેરી પ્રોજેકટથી સૌરાષ્ટ-કચ્છના સહકારી ડેરી ઉદ્યોગ અને લાખો દૂધ ઉત્પાદકોને મળનાર આર્થિક લાભ બદલ રાજકોટ ડેરીના અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયા અને રાજકોટ જીલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદરે રાજયના મૃદુ અને મક્કમ મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત લઈ મોમેન્ટો અને આભારપત્ર અર્પણ કરેલ હતો અને ખુશી વ્યકત કરેલ હતી. આ મુલાકાત વખતે રાજકોટ ડેરીના એમડી વિનોદ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર યુનિ. હિન્દી ભવનના છાત્રોએ લીધી રીઝનલ સાયન્સ સેન્ટરની મુલાકાત

વિદ્યાર્થીઓને રોજીંદી જીવનશૈલીમાં મદદરૂપ બાબતોથી અવગત કરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

ગત તા.૪ ફેબ્રુ.ના રોજ હિન્દી ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના વિદ્યાર્થીઓએ હિન્દી ભવનના અધ્યક્ષ અને પ્રો. ડો. બી. કે. કલાસવા તેમજ અન્ય શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ સાથે માધાપર પાસે આવેલ રીઝનલ સાયન્સ સેન્ટર-રાજકોટની મુલાકાત લીધેલ હતી. આ સેન્ટરમાં આવેલ છ અલગ-અલગ વિભાગો જેમ કે રોબોટિક સાઇન્સ, લાઈવ સાઇન્સ, મિકેનિકલ સાઇન્સ, સિરામિક સાઇન્સ વગેરેની મુલાકાત લઈ સેન્ટરના કર્મચારીઓ દ્વારા આપવામાં આવેલ વિજ્ઞાન અને ટેક્નોલોજીની સવિસ્તાર જાણકારી અને સમજણથી પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરેલ હતી. આ સેન્ટરમાં વિવિધ પ્રકારના ઉપકરણો, મશીનો, સાધનો વગરે રાખેલ હતા તથા તેની પાછળનું વિજ્ઞાન શું છે, તે કેવી રીતે કામ કરે છે, તેનો શું અને કેવીરીતે ઉપયોગ થાય છે તે તમામ માહિતી સવિસ્તાર પ્રાયોગિક રીતે સમજાવવામાં આવી હતી.

આ મુલાકાતથી વિદ્યાર્થીઓને પોતાના રોજિંદી જીવનશૈલીમાં મદદરૂપ થઈ શકે તેવી અનેક બાબતોથી તેઓને અવગત કરવામાં આવ્યા હતાં અને તેનું વિસ્તૃત જ્ઞાન તેઓએ મેળવ્યું હતું. ભવિષ્યમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં વિકાસની સંભાવનાઓ વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. આ મુલાકાત દરમિયાન સેન્ટરનાં ડાયરેક્ટર સુમિત વ્યાસ અને સહકર્મી અવિનાશ વ્યાસ અને હરિત ઉપાધ્યાયએ પૂરી જહેમત ઉઠાવીને સહયોગ આપ્યો હતો. જરૂરી તમામ માર્ગદર્શન આપ્યું હતું.

ગાર્ડી વિદ્યાપીઠ એલ. આર. શાહ હોમિયોપેથીક કોલેજ દ્વારા એકેડેમિક મેગેઝીન પ્રસિધ્ધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

એલ.આર. શાહ હોમિયોપેથીક કોલેજ દ્વારા તેમનું પહેલું એકેડેમિક મેગેઝીન 'ગાર્ડી હોમીઓ ટાઈમ્સ' નું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાર્ડી વિદ્યાપીઠના મેનેજિંગ ડિરેકટર જય મહેતા, છાપરા ગામના સરપંચ દેશાભાઈ સોદેરવા, પર્લ હોસ્પિટલના ડો.અમિતભાઈ ખંભાયતા, સૂચક કોમ્પ્યુટરના ધર્મેશભાઈ સૂચક તથા એલ. આર. શાહ હોમિયોપેથીક કોલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. ભાસ્કર ભટ્ટ તેમજ ગાર્ડી વિદ્યાપીઠના સંલગ્ન કોલેજના પ્રિન્સિપાલ, પ્રાધ્યાપકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ મેગેઝીનમાં હોમિયોપેથીના વિષય અંતર્ગત વિવિધ આર્ટિકલ પ્રકાશિત કરવામાં આવેલા છે. આ આર્ટીકલ દ્વારા વિદ્યાર્થીઓને હોમિયોપેથીનું ઊંડાણપૂર્વક જ્ઞાન મળી રહે તેવો આશય છે. આ મેગેઝીન ત્રિ-માસીક પબ્લીશ કરવામાં આવશે. મેગેઝીનમાં કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓને પણ આલેખવામાં આવી છે. આ ઉપરાંત મેગેઝીનમાં કોલેજના પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થી ઇન્ટર્ન ડોક્ટર તથા શહેરના નામાંકિત ડોક્ટરોના આર્ટીકલ પણ છાપવામાં આવશે. હોમીઓ ટાઈમ્સ મેગેઝીનના વિમોચન પ્રસંગે સંસ્થાના ચેરમેન ડી.વી. મહેતા, વાઈસ ચેરમેન કિરણભાઈ શાહ, મેનેજિંગ ડિરેકટર જય મહેતાએ હોમીયોપેથ કોલેજના પ્રિન્સિપાલ ડો.અરવિંદ ભટ્ટ, કોલેજના તમામ પ્રાધ્યાપકો અને સમગ્ર ટીમને શુભેચ્છા પાઠવી હતી.

કલેકટરના અધ્યક્ષ સ્થાને ઔદ્યોગિક કાર્યવાહક સમિતિની યોજાઇ બેઠક

જી.આઇ.ડી.સી., રૂડા, પાણી પુરવઠા બોર્ડના પ્રશ્નો અંગે કરાઇ ચર્ચા વિચારણા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને ઔદ્યોગિક કાર્યવાહક સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કલેકટર દ્વારા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ઉપરાંત વિવિધ વિભાગોના પ્રશ્નો અંગે જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં ઔદ્યોગિક કાર્યવાહક સમિતિ સાથે વિવિધ ઔદ્યોગિક એસોસિએશનના હોદેદારોએ નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગની પોલિસી, જરૂરિયાતો, જી.એસ.ટી., રેવન્યુ,પ્લોટ ફાળવણી સહિતના મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સાથે સાથે કલેક્ટરએ જી.આઇ.ડી.સી., રૂડા, પાણી પુરવઠા બોર્ડ, તોલમાપ, મહા નગરપાલિકાના પ્રશ્નોના ઉકેલ સંદર્ભે પણ માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર કે.વી.મોરી, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના અધિક્ષક અંકિત ગોહેલ, મહા નગરપાલિકાના આસિસ્ટન્ટ મેનેજર ધર્મેશ માંકડીયા સહિતના વિવિધ વિભાગોના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તર્ક અને ચર્ચા થકી મુદ્દાઓની યથાર્થતા સાબીત કરવાની કળા કેળવવા પ્રયાસ

સ્વામિનારાયણ ગુરૂકુળ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ડીબેટ કોમ્પિટીશન યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

તર્ક અને સંવાદ એ કારણો, માન્યતાઓ, તારણો, ક્રિયાઓ અથવા લાગણીઓ શોધવા માટેની એક ચિંતન પ્રક્રિયા છે. બાળકોને તેના વિચારો મુકતપણે રજુ કરવા માટે મંચ પુરૂ પાડવાના પ્રયાસના ભાગરૂપે તાજેતરમાં સ્વામિનારાયણ ગુરૂકુળ ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે ડીબેટ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધા અંગે વધુ જણાવતા શાળાના એડવાઈઝર શ્રીકાંત તન્ના કહ્યું હતું કે, ડીબેટ એટલે પોતાની વાત સાબિત કરવા વ્યકિત દ્વારા થતી રજૂઆત. ચર્ચા કરવાની કળા થકી બાળકોમાં ઉચ્ચક્રમની વિચારસરણી સુધરે છે અને તેના વિચારોને સુસંગત રીતે ગોઠવવાની ક્ષમતામાં પણ વધારો થાય છે. આ ડીબેટ કોમ્પિટીશન ૮ ગ્રુપમાં વહેચવામાં આવી હતી. જેમાં દરેક ગ્રુપમાં આઠ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કોઈ એક વિષય ઉપર બન્ને ગ્રુપના વિદ્યાર્થીઓએ પરસ્પર ચર્ચા કરીને પોતાની વાતની યથાર્થતા સાબીત કરવાની હતી. આ ચર્ચા માટે વિદ્યાર્થીઓના વયજુથ મુજબ 'પેરેન્ટસ આર ઓલવેઝ રાઈટ', 'પ્લેઇંગ વિડીયો ગેમ્સ મેઈક્સ યુ સ્માર્ટર ઓર વાયોલેટ' 'ઈટ ઈઝ બેટર ટુ બી કાઈન્ડ ધેન ટ્રુથફુલ', 'સિંગલ જેન્ડર સ્કૂલ ઈઝ બેટર', 'એક્ઝામ પોલિસી શુડ બી ચેન્જડ' અને 'ઈન્ફ્લુઅન્સ ઓફ સોશિયલ મિડીયા' જેવા વિવિધ વિષયો આપવામાં આવ્યા હતા. જેમાંથી કોઈ એક વિષયની પસંદગી કરીને બન્ને પક્ષે ચર્ચા કરી પોતાના દ્રષ્ટીકોણની સત્યતા સિધ્ધ કરવાની હતી. વિદ્યાર્થીઓએ વિષયોનો અભ્યાસ અને સંશોધન કરીને ચર્ચા દ્વારા તેની બુદ્ધિમત્તા અને તાર્કિકતાનો પરિચય આપ્યો હતો. આ સ્પર્ધા થકી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનો સંચાર જોવા મળ્યો હતો, જેનાથી સ્પર્ધાનો હેતુ સિધ્ધ થયો હતો.

આ ડીબેટ કોમ્પિટીશનનું સફળ આયોજન સ્વામિનારાયણ ગુરૂકુળના સંતો, એડવાઈઝર શ્રીકાંત તન્નાના માર્ગદર્શનમાં શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું.

બી.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લોન-ધિરાણ કેમ્પનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

રાજકોટ શહેરમાં રાજકોટ શહેર પોલીસ દ્વારા લોકદરબાર રાખી સામાન્ય પ્રજાજનોની વ્યાજખોરો વિરૂધ્ધની ફરિયાદો/રજૂઆતો સાંભળી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. નાગરીકોને પોતાના ધંધા રોજગાર ચલાવવા માટે કેન્દ્ર તથા રાજય સરકાર દ્વારા બેન્કો મારફતે ખૂબ જ ઓછા વ્યાજના દરે ધિરાણ આપવામાં આવે છે તેમજ આ ધિરાણની સાથે સબસીડી પણ આપવામાં આવે છે. જરૂરીયાતમંદ પ્રજાજનો કેટલાક કિસ્સામાં આ પ્રકારની

લોન કયાંથી મેળવવી તેના જ્ઞાનના અભાવે આવા વ્યાજખોરોની જાળમાં ફસાઇ જતા હોય છે.

આ પરીસ્થિતિનું નિર્માણ ટાળવા તેમજ સામાન્ય પ્રજાને લોન/ધિરાણ મેળવવામાં મદદરૂપ થવા માટે રાજયવ્યાપી કાર્યક્રમનું આયોજન કરવાનું નકકી કરવામાં આવેલ છે.

જે આધારે રાજકોટ શહેર પોલીસ દ્વારા રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવનાઓના માર્ગદર્શન હેઠળ બી.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં તા.૬/૨ થી તા.૧૦/૨ સુધી સવારે ૧૦ થી ૧૨ તથા બપોરે કલાક ૩ થી ૫ ના સમયગાળા દરમ્યાન સામાન્ય પ્રજાજનોને વ્યાજબી દરે લોન/ધિરાણ મળી શકે તે અંગેના કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેથી બી.ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા નાગરીકોને વ્યાજબી દરે લોન/ધિરાણ મળી રહે તે માટે પધારવા વિનંતી છે.

અમરેલીમાં અનઅધિકૃત વિકાસકામોને નિયમિત કરવા માટે ૧૬ ફેબ્રુઆરી સુધીમાં અરજી કરો

બાંધકામો નિયમિત ન કરાવનાર વિરૂધ્ધ કાર્યવાહી થશે

(મિલાપ રૂપારેલીયા દ્વારા)
અમરેલી, તા.૮

ગુજરાત રાજયમાં મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગરપાલિકા વિસ્તારમાં મોટાપાયા પર અનઅધિકૃત વિકાસ કરાયો છે. આવા વિકાસ કામો બાંધકામો નિયમિત કરવા માટે બીજી તક આપવામાં આવેલ છે. સરકારના આદેશ અનુસાર અનઅધિકૃત બાંધકામ નિયમિત કરવા માટે ઓનલાઈન અરજી કરવાની જોગવાઈ કરવામાં આવેલ હતી. પરંતુ સરકારના તા.૩/૨ ના આદેશાનુસાર હવેથી ગુજરાત અનઅધિકૃત વિકાસ નિયમબધ્ધ કરવા અંગેના કાયદા-૨૨ હેઠળ અનઅધિકૃત વિકાસ કરાયો છે. આવા વિકાસ કામો બાંધકામો નિયમિત કરવા માટેની અરજી ઓનલાઈન માધ્યમથી અમરેલી નગરપાલિકા કચેરી ટપાલ શાખામાં સ્વીકારવામાં આવશે. અરજી સ્વીકારવાની છેલ્લી તા.૧૬ મુકરર કરવામાં આવેલ છે. સંબંધિત લોકોએ આ યોજનાનો બહોળા પ્રમાણમાં લાભ લેવા જણાવવામાં આવે છે.

ઉપરોકત વિગતે ગુજરાત અનઅધિકૃત વિકાસ નિયમબધ્ધ કરવા અંગેના વટહુકમ અને નિયમો હેઠળ અમરેલી શહેરમાં સંબંધિત નાગરિકોએ પોતાની મિલકતનો અનઅધિકૃત વિકાસકામ કરેલ હોય તે નિયત સમયમર્યાદામાં કાર્યવાહી કરી નિયમિત કરાવી લેવા નિશ્ચિત કરવામાં આવેલ સમયમર્યાદા પૂર્ણ થયા બાદ નિયમબધ્ધ કરાવ્યા સિવાયના વિકાસકામો અમરેલી નગરપાલિકાના ધ્યાનમાં આવશે તે તમામ બિનઅધિકૃત વિકાસકામો સામે નિયમાનુસાર કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવા ચીફ ઓફિસરની યાદીમાં જણાવાયું છે.

વોર્ડ નં.૧૨માં પેવિંગ બ્લોકના કામનો મેયર ડો.પ્રદિપ ડવના હસ્તે શુભારંભ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

વોર્ડ નં.૧૨માં આવેલ શ્રીનાથજી સોસાયટી તેમજ વિનાયકનગરમાં અંદાજીત ૪૫ લાખના ખર્ચે ૬૯૨૦ ચો.મી.માં પેવિંગ બ્લોકનું કામ મેયર ડો.પ્રદિપ ડવના હસ્તે શુભારંભ કરાયો. આ પ્રસંગે કોર્પોરેટર મિતલબેન લાઠીયા, મગનભાઈ સોરઠીયા, પ્રમુખ રસિકભાઈ કાવઠીયા, મહામંત્રી મનસુખભાઈ વેકરીયા, દશરથસિંહ જાડેજા તેમજ ભાજપ અગ્રણી કિરણબેન હરસોડા, યોગરાજસિંહ જાડેજા, ચેતનભાઈ લાઠીયા, મહિપતભાઈ હુંબલ, દિલીપભાઈ કોટડીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, ચેતનભાઈ હિરપરા, સુરેશભાઈ રામાણી, ગંગદાસભાઈ ગજેરા, મહેશભાઈ રાઠોડ, રાજભા જાડેજા, ધીરૂભાઈ ચાવડા, ભાવેશભાઈ વઘાસીયા, મિથુનભાઈ રૈયાણી, કાનાભાઈ મકવાણા, મેહુલભાઈ ડાંગર, મહેશભાઈ અવાડીયા, વરૂણભાઈ જળુ, દિલીપભાઈ ડાભી, રવિભાઈ આહિર, દિનેશભાઈ હુંબલ તથા વિસ્તારના રહેવાસીઓ વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. (૧૩)

વડિયામાં સરકારી સાયન્સ સ્કૂલ અને કોલેજ શરૂ કરવા માંગ

વિદ્યાર્થીઓ અને સ્થાનિકો દ્વારા મામલતદાર કચેરી અપાયું આવેદનપત્ર

(કિરીટ જોટવા દ્વારા)
વડિયા, તા.૮

સરકારી સાયન્સ સ્કૂલ અને કોલેજ નવા સત્રથી મંજુર કરી શરૂ કરવા વિદ્યાર્થીઓ અને સ્થાનિકો દ્વારા મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવી માંગણી કરાઇ છે.

આવેદનપત્રમાં જણાવ્યું છે કે, તાલુકા મથકના સેન્ટરમાં સુવિધાઓ આપવાને બદલે અનેક સુવિધાઓ દિન પ્રતિદિન છીનવાતી જોવા મળી છે. ત્યારે ગુજરાત સરકારની દરેક તાલુકા મથક પર સરકારી કોલેજ અને સાયન્સ સ્કૂલ આપવાની વર્ષો પેહલા કરેલી જાહેરાત છતાં આજે પણ વડિયા આ સુવિધાઓથી વંચિત જોવા મળી રહ્યું છે. ત્યારે વડિયા અને આસપાસના ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા વિદ્યાર્થી સાયન્સ અને કોલેજ કક્ષાના ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે ઉંચી ફી આપીને શહેરમાં જવા મજબુર બન્યા છે.

ત્યારે વડિયામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, જાગૃત નાગરિકો અને વેપારી આગેવાનો દ્વારા વડિયાની મુખ્ય બજારમાં રેલી સ્વરૂપે નીકળી કોલેજ આપો, કોલેજ આપો, શિક્ષણની સુવિધાઓ આપો ના નારા લગાવીને મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપવા પહોંચ્યા હતા ત્યારે સમગ્ર મામલતદાર ઓફિસનું પરિસર કોલેજ આપો, સાયન્સ સ્કૂલ આપો, શિક્ષણની સુવિધાઓ આપો, સરકાર હવે તો સાંભળોના નારાથી ગુંજી ઉઠ્યું હતું. વડિયા મામલતદાર મહેતાને આવેદનપત્ર આપ્યું હતું. જોકે

અગાવના સમયગાળામાં વડિયા વિસ્તાર માટે પૂર્વ સરપંચ છગન ઢોલરીયા, પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડ, પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણી સહિતના લોકોએ પણ સરકારી કોલેજ અને સાયન્સ સ્કૂલની સુવિધાઓ માટે માંગણી કરેલ હતી. તમે યાદીમાં જણાવ્યું છે.

છરીથી તારા એટલા કટકા કરશું કે તારો બાપ ગોતી નહીં શકે ...

પુત્રીને જન્મ આપનાર પરણીતાને પાંચ દિવસમાં ઘરમાંથી કાઢી મુકી

પતિ સહિતના સાસરીયાઓ સામે પોલીસમાં નોંધાતો ગુનો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

જામનગરમાં એસટી રોડ પર સરદાર પટેલ સોસાયટીમાં અને હાલ રાજકોટમાં કોઠારીયા રોડ પર હરીધવા રોડ પર ન્યુ સુભાષ સોસાયટીમાં રહેતી પ્રતિષ્ઠાબેન પ્રફુલભાઈ પાલા નામની મહીલાને પતિ સહિતના સાસરીયાઓ અવાર નવાર ઝગડાઓ કરી ધમકી આપી ત્રાસ આપતા હોવાની ફરીયાદ નોંધાવતા મહિલા પોલીસે ગુનો નોંધી પતિ પ્રફુલ,સસરા નાનુભાઈ રણછોડભાઈ પાલા,સાસુ રમીલા,દિયર જયેશ સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ન્યુ સુભાષ સોસાયટીમા માવતરના ઘેર રહેતી પ્રતિષ્ઠાબેનએ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેના લગ્ન સન.૨૦૧૭માં જામનગર ખાતે રહેતા પ્રફુલ સાથે થયા હતા લગ્નના એક વર્ષ બાદ પતિ નાની વાતમાં ઝગડાઓ કરતો હતો અને ત્યાર બાદ સાસુ સહીતના ત્રાસ આપતા હોય તેને પતિને અગલ થવાનુ કહેતા તેને તેને ના પાડી અગલ થવાનુ હવે બોલીસ તો તને મુકી દઈશ તેમ કહી ઝગડો કર્યો હતો ત્યાર બાદ તેને પુત્રી જન્મ આપતા પતિ,સસરા સાસુ,દિયર સહીતે અમારે તો વારસદારમાં પુત્ર જોઈતા હતો પરંતુ તે તો પુત્રીને જન્મ આપ્યો કહી સુવાવડના પાંચમાં દિવસે સાસરીયાઓએ ઝગડો કરી ઘરમાંથી કાઢી મુકતા તેના પિતાના ઘેર આવી ગયા બાદ છ માસ બાદ તેના કાકાજી સસરાની હાજરીમાં સમાધાન થતા હવે તેને કોહી હેરાન નહી કરે તેમ કહી સાસરીયા તેડી ગયા હતા.

દરમ્યાન થોડા દિવસ બાદ ફરી ઝગડાઓ કરી સાસરીયાઓ મારકુટ કરી હતી અને દિયર એ કહેલકે તું શાંતિથી રહે અને હું જેમ કહુ તેમ ઘરમાં તારે કરવાનુ નહીતર મારાથી ખરાબ માણસ કોઈ નથી તેમજ મારા પતિ અને સસરા

એ આવી કહેલ કે અમે તારા છરીથી એટલા કટકા કરી નાખશુ કુ તારો બાપ ગોતી નહીં શકે તેમ ધમકી આપી તેમજ અમારે વારસદાર જોઈતો હતો જે અમને મળી ગયો છે. અને હવે તારી કોઈ જરૂર નથી ચુપચાપ અમે કહી તેમ કર નહીતર ઘરમાંથી નિકળ તેમ કહી ત્રાસ આપતા હોવાનું જણાવતા પીએસઆઈ પરમાર એ ગુનો નોધી કાર્યવાહી કરી છે.

શહેર ભાજપ દ્વારા તમામ વોર્ડમાં વોર્ડ કારોબારી બેઠક

વિવિધ અગ્રણીઓ માર્ગદર્શન પુરું પાડશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

ભારતીય જનતા પાર્ટીની પ્રણાલિકા મુજબ પ્રદેશ કક્ષાએ યોજાયેલ કારોબારી બેઠક બાદ મહાનગર કક્ષાએ અને ત્યારબાદ વોર્ડકક્ષાએ કારોબારી બેઠક યોજવામાં આવતી હોય છે ત્યારે તે અંતર્ગત પ્રદેશ કારોબારી અને રાજકોટ શહેર ભાજપની કારોબારી બેઠક સંપન્ન થયા બાદ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ આજે શહેરના તમામ વોર્ડમાં વોર્ડ કારોબારી બેઠક યોજવામાં આવશે. જેમાં વોર્ડ નં.૧ માં લલીતભાઇ વાડોલીયાના ઘરે, વોર્ડ નં.૨ માં મેયર બંગલા ખાતે, વોર્ડ નં.૩ માં ગુરૂનાનક હોલ ખાતે, વોર્ડ નં.૪ માં રેડરોઝ વોટર, બેડી ચોકડી ખાતે, વોર્ડ નં.૫ માં શકિત સોસાયટી, શીવમ ડેરી સામે, પેડક રોડ ખાતે, વોર્ડ નં.૬ માં સાંદીપ સ્કૂલ, પેડક રોડ ખાતે, વોર્ડ નં.૭ માં કિશોરસિંહજી સ્કૂલ કોઠારીયા નાકા પાસે, વોર્ડ નં. ૮ માં ભાજપ કાર્યાલય, વિદ્યાકુંજ સોસાયટી ખાતે, વોર્ડ નં.૧૧ માં રાજ રાજેશ્વર મંદિર, રાજદીપ સોસાયટી ખાતે, વોર્ડ નં.૧૨ માં મેયર બંગલા ખાતે, વોર્ડ નં.૧૩ માં સોમનાથ હોલ, સ્વામીનારાયણ ચોક ખાતે, વોર્ડ નં.૧૪ માં નગયુગ સ્કૂલ, હાથીખાના ખાતે, વોર્ડ નં.૧૫ માં વરજાંગ હુંબલની ઓફિસ, સત્યક પાર્ક ખાતે, વોર્ડ નં.૧૬ માં કર્મજયોત વિદ્યાલય, દીમીનગર ખાતે, વોર્ડ નં. ૧૭ માં વિનોદભાઇ શેઠ હોલ ખાતે, વોર્ડ નં. ૧૮ માં દેવાયતભાઇ ડાંગરની ઓફીસ ખાતે યોજવામાં આવશે. જેમાં શહેર ભાજપના વિવિધ અગ્રણીઓ આગામી કાર્યક્રમો વિશે માર્ગદર્શન પુરૂ પાડશે. શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની યાદીમાં જણાવ્યું હતું.

પોરબંદરઃ જૂની કોર્ટમાં સ્ટેપવેન્ડરો સહિત ટાઈપીસ્ટોને પરેશાની

ટાઈપ રાઈટર સહિતનો સામાન રાખવા માટે જનસેવા કેન્દ્રના બંધ ઓરડા ફાળવી દેવા કોંગ્રેસની રજૂઆત

પોરબંદર, તા.૮

પોરબંદરમાં વર્ષોથી જૂનીકોર્ટ ખાતે સ્ટેપવેન્ડરો બોન્ડરાઈટર નોટરી એડવોકેટો ટાઈપિસ્ટો બેસે છે ત્યાં સરકારી સામાન ચોરી થતો હોવાનું બહાર આવતા થોડા દિવસો પહેલા દીવાલ ચણવાની કામગીરી હાથ ધરાતા ઉપરોક્ત તમામ વ્યવસાયિકોને તેમનો સામાન રાખવામાં મુશ્કેલી વેઠવી પડી રહી છે. તેથી જનસેવાકેન્દ્રમાં તેઓને સામાન રાખવા માટેનો રૂમ ફાળવવો જોઈએ તેવી માંગણી થઇ છે.

પ્રદેશ કોંગ્રેસના પૂર્વ સેક્રેટરી અને પોરબંદર કોંગ્રેસના સિનિયર આગેવાન રામદેવભાઈ મોઢવાડિયાએ તંત્રને કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે,ટાઈપીસ્ટોઅને સ્ટેપવેન્ડરોને પરેશાનીનો સામનોકરવોપડી રહ્યોછેતેવી ફરિયાદકોંગ્રેસ સમક્ષ આવી છે. ટાઈપરાઈટર સહિતનો સામાન ચોરાઈ જાય તેવી શક્યતાઓ રહેલી છે માટે જનસેવા કેન્દ્ર પાસેના બે રૂમ સંપૂર્ણપણે ખાલી હોવાથી તેમાના એકાદ રૂમને આ વ્યવસાયિકોનો સામાન રાખવા માટે ફાળવી દેવામાં આવે તે જરૂરી બન્યું છે અને તે અંગે તાત્કાલિક યોગ્ય વ્યવસ્થા કરવી જરૂરી બની છે. કારણ કે, હાલમાં અનેક ટાઈપીસ્ટોને તેમના ટાઈપરાઈટર રાત્રીના સમયે ઘરે લઇ જવા પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. તેથી બિનઉપયોગી પડેલા રૂમ ફાળવી દેવાઈ તે ઈચ્છનીય છે.

પોરબંદર ચોપાટી ઉપર યુવાનો સાથે ડખો કરનાર બુટલેગર કોંગ્રેસનો જ સક્રિય કાર્યકરઃ ભાજપનો પદાફાર્શ

પોરબંદર, તા.૮

પોરબંદરના સુભાષનગર વિસ્તારમાં રહેતા નામચીન બુટલેગર પવન ચામડીયાએ ચોપાટી ઉપર ત્રણ યુવાનોને બેકામ માર માર્યા બાદ કોંગ્રેસના ધારાસભ્ય પીડિત પરિવારની મુલાકાત લેવા પહોંચી ગયા હતા આ બાબતે જિલ્લા ભાજપ, પોરબંદરના પ્રમુખ કિરીટભાઇ મોઢવાડીયાએ પર્દાકાશ કરતાં જણાવે છે કે, ચોપાટી ઉપર યુવાનો સાથે ડખો કરનાર નામચીન બુટલેગર બીજો કોઈ નહીં પરંતુ ખુદ કોંગ્રેસનો જ સક્રિય કાર્યકર હોવાનું બાર આવવા પામેલ છે. આથી કોંગ્રેસના કાર્યકર એવા બુટલેગર વિરૂધ્ધ કાંઈ બોલવાને બદલે પીડીત પરિવારની સહનુભૂતિ મેળવવા ધારાસભ્ય મગરના આંસુ સારવા આશ્ચર્યજનક રીતે પીડિત પરિવારના ઘરે પહોંચી જતાં ધારાસભ્ય હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકાય જવા પામેલ છે. યુવાનો સાથે ડખો કરનાર નામચીન બુટલેગર પવન ચામડીયા કોંગ્રેસનો સક્રિય કાર્યકર હોવા અંગેની સાબિતિ રૂપે ભાજપના આગેવાને

બુટલેગર વિરૂધ્ધ કંઈ બોલવાને બદલે પીડિત પરિવારની સહાનુભૂતિ મેળવતા કોંગ્રેસના ધારાસભ્યઃ ભાજપ

બુટલેગર પવન ચામડીયાનો કોંગ્રેસના ધારાસભ્ય સાથેનો ફોટો પણ રજૂ કરેલ છે. કોંગ્રેસના ધારાસભ્યએ દારૂના અડ્ડા બંધ કરાવવા માટે આંદોલન કરતા પહેલા કોંગ્રેસના સક્રિય કાર્યકર એવા બુટલેગર પવન ચામડીયા વિરૂધ્ધ કડકમાં કડક કાર્યવાહી કરવા માટે પોલીસ અધિક્ષકને પોતાની પાર્ટી તરફથી આવેદન આપવાની જરૂર છે. તો જ પીડિત પરિવારને સાચો ન્યાય મળવા પામશે. સાથે સાથે બુટલેગર પવન ચામડીયા વિરૂધ્ધ કડકમાં કડક કાર્યવાહો થાય તેવી માંગણી કરાઇ હતી.

'સર્વે નંબર ઝીરોના ખેડૂતો માનવ સમાજના સાચા હીરો'

અગરિયા પરિવારોને ધાબળાનું વિતરણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

અગરિયા પરિવારોના ઉત્થાન માટે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ રાજકોટ સંસ્થાન સંચાલિત શ્રી વર્ણીન્દ્રધામ, પાટડી દ્વારા નિરંતર પ્રયાસ થતા રહે છે. જેમાં આ અગરિયા ગામોમાં પ્રવચન વ્યાખ્યાનો દ્વારા જીવન ઉત્કર્ષ, વ્યસન મુક્તિના કાર્યક્રમો, નિઃશુલ્ક દવા વિતરણ, તેમજ કુદરતી આપદાઓ દરમિયાન આ વર્ગની જરૂરીયાતો પૂરી કરવા હર હંમેશ તત્પર રહે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ શિયાળાની કડકડતી ઠંડીમાં અગરિયા પરિવારમાં ૪૦૦૦ જેટલા ધાબળા વિતરણ કરી સેવા કરેલી જેની યજમાની સુરત નિવાસી ભીખાભાઈ સુતરીયાએ લીધેલી.

પાણી વેરા સહિતના કરવેરા પાછો ખેંચવા રાજકોટ ચેમ્બરની માંગ

સામાન્ય જનતા અને ધંધાર્થીઓ માટે વેરા વધારોએ પડ્યા પર પાટું છે, મેયર તથા કમિશનર સમક્ષ લેખિત રજૂઆતઃ વેરા વિભાગ ૮ ટકા એન્વાયરમેન્ટ ટેક્ષની ફેર વિચારણા કરવા માંગણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના બજેટ અંતર્ગત પાણી વેરામાં કરાયેલ ત્રણ ગણાનો વધારો તથા અન્ય તમામ ચાર્જીસ અંગે ફેર વિચારણા કરવા મેયર, કમિશનર તથા સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેન સમક્ષ રજૂઆત કરવામાં આવી હતું.

રજૂઆતમાં જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૩-૨૪ નું બજેટ રજુ કરવામાં આવેલ. આ બજેટમાં રાજકોટના શહેરી વિકાસને વેગ આપવા માટે વિવિધ જોગવાઈનો માટે બજેટ ફાળવવામાં આવેલ છે. જે નાવકારદાયક છે. પરંતુ આ બજેટમાં જે વિવિધ ટેબમાં વધારો કરવામાં ખાસ કરેલ છે, જે સામાન્ય જનતા અને કોનીયલ ધંધા સાથે સંકળાયેલ દરેક ધંધાથી માટે ખૂબ જ અસહય અને આ મોંઘવારીના સમયમાં પડ્યા ઉપર પાટુ સમાન છે. આ બજેટમાં પાણીવેરો ૩ ગણો, ગાર્બેજ વેરો ૨ ગણો, કોમશીલ મિલકત વેરામાં પ્રતિ ચો.ફુટ ફરૂ નો વધારો તેમજ એન્વાયરમેન્ટ ચાર્જ કુલ વેરાબીલના ૮% જેટલો વસુલવા માટે બજેટમાં જોગવાઈ કરેલ છે અને નાના કોમર્શિયલ ધંધાર્થીઓ માટે અયોગ્ય જણાય રહ્યું છે. જે અંતર્ગત સામાન્ય જનતા હાલની વધતી જતી મોઘવારી અને આર્થિક મંદીની વચ્ચે આવા ત્રણ ગણા પાણી વેરા વધારાથી વેપાર-ઉદ્યોગકારો ત્યાં આમ જનતાને ખુબ જ મુશ્કેલી તથા આર્થિક બોજાનું ભારણ સહન કરવું પડશે. રાજય સરકારની 'સૌની યોજના' અંતર્ગત હર ઘર પાણી તમામ લોકોને મળી રહે તે શુભ આશય સાથે કાર્યરત છે જ તો આવો અસહય ભાવ વધારો શા માટે?

બજેટમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પ્રજાને રાહત આપવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઉપરોકત રજૂઆત ખાસ ધ્યાને લઈ વેપાર-ઉદ્યોગકારો તેમજ આમ જનતાના હિતમાં નિર્ણય લઈ કમિટિ દ્વારા તમામ વેરા વધારા માટે ફેર વિચારણા કરી યોગ્ય નિર્ણય કરવા રાજકોટ મહાનગરપાલિકાના મેયર ડો. પ્રદિપભાઈ ડવ, કમિશનર અમિત અરોરા તથા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. રાજકોટ ચેમ્બરની યાદીમાં જણાવેલ છે.

પડધરી-જેતપુરના ચોરીના ગુનામાં ૧૫ વર્ષથી વોન્ટેડ શખ્સ ઝડપાયો

રાજકોટઃ રાજકોટ જીલ્લાના વિવિધ ગુનામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવાની સુચના અન્વયે પેરોલ ફર્લો સ્કવોડના પીએસઆઈ ડી પી ઝાલા અને ટીમે પડધરી અને જેતપુર તાલુકાના ઘરફોડ તથા ચોરીના ગુનામાં છેલ્લા ૧૫ વર્ષથી નાસતા ફરતા અલીરાજપુર જીલ્લાના છોટી ઉતઇ ગામના ભવરસિંગ ઉર્ફે ભોરસિંગ ભુરીયાની ધરપકડ કરી પડધરી પોલીસને કબ્જો સોંપ્યો છે.

મોજશોખ માટે ૧ લાખ ચોરનાર શખ્સ ઝડપાયો

રાજકોટઃ શહેરના વિજય પ્લોટમાં આવેલ સિવ લેમીનેશન નામની દુકાનમાંથી ૧ લાખની ચોરી અંગે વેપારી ધર્મેશભાઈ રાઠોડએ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી દરમ્યાન ડીસીબીની ટીમે ચોરીને અંજામ આપનાર ભગવતીપરાના સાહિલ કાસમભાઈ જાફરાઈને દબોચી લઇ રોકડા ૧ લાખ કબ્જે કર્યા હતા આ શખસ બાજુની જ દુકાનમાં કામ કરતો હોય મોજશોખ માટે ચોરી કરી હોવાની કબુલાત આપી હતી.

જલારામ સોસાયટીમાં પ્રૌઢનો ફાસો ખાઈ આપઘાત

રાજકોટઃ શહેરની જલારામ સોસાયટીમાં રહેતા અને ઇ લેક્ટ્રિકનું કામ કરતા પ્રફુલભાઈ હરિભાઈ સાપરિયા (ઉ.વ.૪૬) નામના પ્રૌઢે આજે બપોરે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આપઘાત કરી લેતા માલવિયાનગર પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને આપઘાત પાછળનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે પ્રૌઢના મોતથી એક પુત્રએ પિતાનું છત્ર ગુમાવ્યું છે.

અમરેલીના મિતીયાળામાં આવતા ભૂકંપના આંચકાથી લોકોમાં ફફડાટ, સિસ્મોલોજીની ટીમ રિસર્ચ કરવા પહોચી

સાવરકુંડલા તાલુકાના મિતીયાળામાં અવારનવાર ભૂકંપના હળવા આંચકા આવતા ભૂગર્ભિય હલચલ તેજ બની છે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમરેલીઃ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મિતીયાળામાં અવારનવાર ભૂકંપના હળવા આંચકા આવતા ભુગર્ભીય હલચલ તેજ બની છે, ત્યારે ભૂકંપથી ભયભીત મીતીયાળા પંથકમાં સિસ્મોલોજી વિભાગની ટીમ રિસર્ચ કરવા માટે આવી પહોચી હતી. અમરેલીના મિતીયાળા પંથકમા ભૂકંપના જે આંચકા અનુભવાતા હતા, તેની તીવ્રતા ઓછી રહેતી હતી. જેના કારણે ભૂકંપના આ આંચકા મિતીયાળા તથા આસપાસના ૨-૩ ગામમાં જ અનુભવી શકાતા હતા. જેના કારણે રીકટર સ્કેલ પર આ ભૂકંપ નોંધાતો ન હતો. પરંતુ છેલ્લા ૩૬ કલાક દરમિયાન આવેલા ભૂકંપના આંચકાની તીવ્રતા વધુ હોય, ત્યારે આ બન્ને ભૂકંપ ગાંધીનગરમાં આવેલ સીસ્મોલોજી સેન્ટરમાં નોંધાયા હતા. અમરેલીના મિતીયાળામાં છેલ્લા ૨ માસથી આવેલા ૭૦ જેટલા ભૂકંપના આંચકાઓથી મીતીયાળાવાસીઓમાં ફફડાટ ફેલાયો છે. તો બીજી તરફ, તુર્કી ખાતે ભૂકંપમાં થયેલી જાનહાનિનો ડર હવે મીતીયાળા પંથકમાં પણ જોવા મળ્યો છે, ત્યારે ગાંધીનગરથી સિસ્મોલોજી વિભાગની ટીમ સર્વે કરવા માટે મીતીયાળા આવી પહોચી હતી. અહી

સતત આવતા ભૂકંપના આંચકાઓને લઈને સિસ્મોલોજી ટીમ દ્વારા રિસર્ચ કરવામાં આવશે.આ પૂર્વે સિસ્મોલોજી વિભાગની ટીમે ગ્રામજનો સાથે બેઠક યોજી હતી. સિસ્મોલોજી વિભાગની ટીમે લોકોને ભૂકંપથી નહીં ગભરાવા અને મોટો ભૂકંપ આવવાની શક્યતા બહુ ઓછી હોવાનું જણાવ્યું હતું. આ બેઠક દરમ્યાન અમરેલી કલેક્ટર, ધારાસભ્ય સહિતમોટી સંખ્યામાં મીતીયાળા સહિત આસપાસના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આજી નદી, રીંગરોડ, રાજકોટ જેતપુર હાઈ-વે, રસ્તા વગેરે માટે બજેટમાં જોગવાઈ કરવા ધારાસભ્ય રમેશ ટીલાળાની માંગ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

રાજ્ય સરકારના આગામી બજેટમાં આજી રિવર ફ્રન્ટ, રામનાથ મહાદેવ મંદિર વિકાસ તથા રાજકોટ,રૂડાના રીંગરોડનું વાઈડનીંગ કરવા સહિતના કામોને અગ્રતા આપવા,જરૂરી બજેટ જોગવાઈ કરવા રાજકોટ દક્ષિણના ધારાસભ્ય રમેશ ટીલાળાએ મુખ્યમંત્રીને રજૂઆત કરી છે. આ ઉપરાંત તેમણે (૧) મવડીની ટી.પી.સ્કીમ નં.૨૧,વાવડીની ટી.પી.- ૧૪ અને માધાપર-૧૧ ટી.પી.સ્કીમો શક્ય એટલી વહેલી મંજુર કરવા (૨) ભુણાવા પાસે ટેકનોલોજી સેન્ટર સ્થાપવા (૩)

રાજકોટ-જેતપુર સિકસલેન રોડનું કામ ઝડપી કરાવવા (૪) રાજકોટમાં નવા ભળેલા વિસ્તારોના વિકાસકામો તથા રસ્તા જમીનમાં બીન પરંપરાગત ઉર્જાના પ્રોજેક્ટો સ્થાપી શકાય તે માટે બીનખેતીના કાયદામાં જરૂરી સુધારા કરવા (૫) ખેતીની તેમજ (૬) બાઉન્ડ્રી માજીર્ન છોડ્યા પછી ૫૦ ટકા બાંધકામની મર્યાદા સુધારણાના કામો માટે (૭) ઔદ્યોગિક વસાહતમાં ૫૦૦૦ ચોરસ મીટર કે તેથી મોટા પ્લોટમાં ૮ ટકા કોમન પ્લોટ માટે જગ્યા છોડવાની જોગવાઈ (૮) બે પ્લોટ માલિકોની ભાગીદારી પેઢી હેઠળ પ્લોટનું એકત્રીકરણ (૯) જી.આઈ.ડી.સી.માં ઉદ્યોગકારો માટે ૨૦ ટકાથી ઓછુ બાંધકામમાં અનયુટીલાઈઝડ પેનલ્ટી નહીં વસુલવા (૧૦)રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર સ્થાપવા (૧૧) જી.આઈ.ડી.સી. માં પણ ઈમ્પેક્ટ ફી લાગુ કરવા સહિત રજૂઆતો પણ કરી છે.

આવતીકાલે સ્ટેન્ડિંગ કમિટિની બેઠક: રાજકોટની પ્રજા પરનો વેરા વધારાનો બોજ પાછો ખેંચાશે?

પાણી વેરા અને મિલ્કત વેરા વધારામાં રાહત આપવાનો સ્ટેન્ડિંગ નિર્ણય લેશે એવી શહેરીજનોને આશા

સ્ટેન્ડિંગ પાસે રાહત રૂપ નિર્ણયોની રાજકોટની જનતાને આશા: જામનગર મહાનગર પાલિકાના તંત્ર વાહકોને મનપાના તંત્ર વાહકો પણ અનુસરે એવી લોકોની ઉમેદ સાચી પડશે ખરી?

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

રાજકોટ મહાનગરપાલિકાના નવા વર્ષના અંદાજ પત્રને લીલીઝંડી આપવા માટે આવતીકાલે મનપા સ્ટેન્ડિંગ કમિટિની ખાસ બેઠક યોજાઇ રહી છે ત્યારે સ્ટેન્ડિંગની બેઠકમાં શહેરીજનોની સ્થિતિને ધ્યાનમાં લઇને અને લોકોની માંગણી તથા અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને બજેટમાં સુચવાયેલો નવો કર બોજ હળવો કરવાનો નિર્ણય લેવાય એવી શહેરીજનો આશા રાખી રહ્યા છે. નવા વર્ષના મનપાના બજેટમાં પાણી વેરો અને મિલ્કત વેરામાં ભારે વધારો સુચવવામાં આવ્યો છે. જો એ યથાવત રાખવામાં આવે તો શહેરીજનો પર પહાડ જેવો બોજો આવી પડશે એટલે આવતીકાલની સ્ટેન્ડિંગ બેઠકમાં નવો કરબોજ પાછો ખેંચાય કે હળવો કરાય છે કે કેમ એ જોવાનું રહે છે.

મનપાના બજેટમાં પાણી વેરામાં રૂ.૨૦૦ થી ૪૦૦નો ભારે વધારો સુચવવામાં આવ્યો છે એ જ પ્રકારે મિલ્કત વેરામાં પણ કાર્પેટ દીઠ રૂ.૨ થી ૪નો વધારો સુચવવામાં આવ્યો છે. કુલ રૂ.૨૫૮૨.૮૬ કરોડનું ડ્રાફ્ટ બજેટમાં પર્યાવરણના નામે એક નવો વેરો પણ દાખલ કરી દેવામાં આવ્યો છે. એ જ રીતે ખુલ્લા પ્લોટનો વેરો પણ ડબલ કરી દેવામાં આવ્યો છે. થીયટર ટેક્ષમાં પણ અતિશય ભારે વધારો સુચવવામાં આવ્યો છે. આ રીતે કુલ રૂ.૧૦૧ કરોડનો નવો કર બોજ શહેરીજનો પર ઝીંકી દેવામાં આવ્યો છે. ગાર્બેજ અને પ્રોપર્ટી ટેક્ષ સહિતનો નવો વેરા બોજ રાજકોટની જનતા માટે અસહય બની રહેશે. એટલે મનપાના શાસકો જનતાને રાહત આપે એવી લોકોની આશા અને અપેક્ષા છે. શું મનપાના શાસકો લોકોને રાહત આપવાનો નિર્ણય લેશે ખરા? એ બધુ આવતીકાલની બેઠક પર નિર્ભર છે.

અત્યારે આકરી મોંઘવારીના બોજથી પ્રજા ભિસાઇ રહી છે. મોંઘવારીનો આંક દિવસે-દિવસે વધી રહ્યો છે ત્યારે નવો વેરાબોજ સહન કરવાથી રાજકોટની જનતાના ખીસ્સા પર અસહ્ય બોજો આવી શકે છે. શહેરીજનો એવી આશા રાખી રહ્યા છે કે, પાણી વેરો અને મિલ્કત વેરાનો વધારો ઓછો કરાશે અથવા તો નવો બોજ પાછો ખેંચી લેવાશે. પર્યાવરણના નામનો નવો વેરો પણ પાછો ખેંચી લેવાય એવી શહેરીજનોની માંગણી મનપાના શાસકો ધ્યાનમાં લે એવી આશા રાખવામાં આવે છે. અત્યારે ખરાબ થતા જતા માર્ગોની મરામત કરવા પર મનપા શાસકો ધ્યાન આપે એવી પણ લોકોની અપેક્ષા છે. જે ઓવરબ્રિજ કે અંડરબ્રિજના કામો ચાલી રહ્યા હોય એ સમયસર ઝડપથી પુરા થાય અને લોકોની હાડમારીનો અંત આવે એવી શહેરીજનોની અપેક્ષા છે. લોકોને જે મોટા સપના બતાવવામાં આવ્યા છે એવી એશિયાટિક લાયન સફારી, ડસ્ટ ફ્રી રોડ જેવી યોજનાઓને બદલે પાયાની સુખાકારી સુધારવા પર ધ્યાન આપવામાં આવે એ જરૂરી છે. રાજકોટમાં છેલ્લા કેટલાક સમયથી રસ્તાઓ પર ખાડાઓની સમસ્યાઓ વધતી જાય છે. ગાર્બેજ કલેકશન અંગે પણ લોકોમાંથી ફરીયાદો ઉઠતી હોય છે, ટીપરવાનો ભંગાર બની ગઇ છે, પાણી વિતરણના સમય અંગે પણ લોકોની ફરીયાદો સાંભળવા મળે છે અને પાયાની સુવિધાઓ પર ધ્યાન આપવાનું જરૂરી છે(૨.૧૧)

આજી નદી કાઠેના રામનાથ મહાદેવ મંદિરની આસપાસ ગંદકી અને કચરાના ગંજ: સાફસફાઇ ક્યારે?

તસવીરઃ દિલીપ ગોહેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટઃ રાજકોટમાં આજી નદીના કાંઠે આવેલું પ્રાચિન રામનાથ મહાદેવ મંદિર ભાવિકોની આસ્થાનું કેન્દ્ર છે. દરરોજ સેંકડો ભાવિકો સવાર-સાંજ અહીં દર્શન માટે આવતા હોય છે. આ ધર્મ સ્થાનની ચારે તરફ અત્યારે નજર કરીએ તો ગંદકી અને કચરાના ગંજ ખડકાયેલા દેખાય છે જેનાથી આવનારા ભાવિકોને ભારે હાડમારીનો સામનો કરવો પડે છે. મહાશિવરાત્રીનો શિવ ભકિત પર્વ નજીક આવી રહ્યો છે ત્યારે મહાદેવ મંદિરની આસપાસ કચરાથી ભાવિકોની લાગણી દુભાઇ રહી છે. મહાનગરપાલિકા દ્વારા તહેવાર પહેલા મંદિરની આસપાસ તાત્કાલીક ધોરણે સાફ સફાઇ કરવામાં આવે અને કચરો તથા ગંદકીના થર દુર કરવામાં આવે એવી જોરદાર લોકલાગણી છે.(૨.૧૧)

રાજકોટ-ભાવનગર રોડ પર અકસ્માતમાં એકનું મોત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

ભાવનગર રોડ કાળીપાટ નજીક વીઠ્ઠલભાઇ પાસે વહેલી સવારે સ્વીફ્ટ કાર પુલની દીવાલ સાથે અથડાઇ પુલ નીચે ઉતરી જતા અકસ્માત સર્જાતા મવડીના ઉદયનગરના યુવાનનું ઘટના સ્થળે મોત નિપજતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે. મળતી વિગત મુજબ મવડી ચોકડી પાસે ઉદયનગરમાં રહેતા અશોકભાઇ હાડાભાઇ બંધીયા (ઉવ.૩૩) પોતાની જીજે-૩એફડી-૧૬૬૧ નંબરની સ્વીફ્ટ કાર લઇને ઢસાના ચાવંડ ગામે સાળાના લગ્નમાં ગયા હતા. લગ્ન પૂર્ણ કરી રાત્રે પોતાની કારમાં રાજકોટ આવતા હતા ત્યારે સરધારના કાળીપાટ નજીક વીઠ્ઠલવાવ પાસે વહેલી સવારે કાર અચાનક પુલની દીવાલ સાથે અથડાઇને રોડ નીચે ઉતરી જતા અકસ્માત સર્જાયો હતો. અને કારમાં બેઠેલા અશોકભાઇ બંધીયાને માથા તથા શરીરે ગંભીર ઇજા થઇ હતી બનાવ બનતા આસપાસના લોકો એકઠા થઇ ગયા હતા ત્યારબાદ કોઇએ જાણ કરતા યુવાનના પરિવારજનોએ તાકીદે સ્થળ પર પહોંચી ૧૦૮માં જાણ કરતા ૧૦૮ના ઇએમટી રમેશભાઇ તથા પાયલોટ મહિપતસિંહે સ્થળ પર પહોંચી તપાસ કરતા યુવાનનું મૃત્યુ નિપજ્યું હોવાનું જણાતા પોલીસને જાણ કરવામાં આવી હતી. જાણ થતા આજીડેમ પોલીસ મથકના પી.એસ.આઇ એ.એન.મહેતા તથા એ.એસ.આઇ વી.બી. સુખાનંદી અને રાઇટર પ્રતાપભાઇ સહિતે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે. મૃતક અશોકભાઇ પ્રાઇવેટ નોકરી કરે છે. એક પુત્ર અને પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

કાર પુલની દીવાલ સાથે અથડાઇ રોડ નીચે ઉતરી ગઇ

રાજકોટમાં જંત્રીના ગુંચવાડાના કારણે ૪૬ અરજદારો નોંધણીથી વંચિત

આખા દિવસમાં ૫૨૨ દસ્તાવેજ જૂની નોંધણી પ્રમાણે થયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

રાજકોટમાં જંત્રીના ગુંચવાડાનાં કારણે ૪૬ જેટલા અરજદારો નોંધણી કરાવવા ફરક્યા જ ન હતા. રાજકોટમાં ગત શનિવારની રાતે લાગુ કરાયેલા જંત્રીના નવા દરને પગલે ગુંચવાડા સર્જાયા છે અને અગાઉ નોંધણી માટે સમય લેનારાઓ જૂના દરે નોંધણી કરાવી રહ્યા છે જયારે નવા દરમાં આજે માંડ ૯ થી ૧૦ અરજદારો આખા જિલ્લામાં આવ્યાની વિગતો પ્રાપ્ત થાય છે.

નોંધણી નિરીક્ષક કચેરીના અધિકારીએ કહયું હતું કે, રાજકોટ જિલ્લામાં ૫૬૫ ઍપોઈન્ટમેન્ટ બૂક કરવામાં આવી હતી અને તેમાંથી આજે ૫૨૨ નોંધણી માટે આવ્યા હતા જયારે ૪૬ આવ્યા ન હતા.નોંધણી ફીમાં ૩૬ લાખની અને સ્ટેમ્પ ડયુટીમાં ૨.૧૭ કરોડની આવક થઈ હતી.નવી જંત્રી પ્રમાણે બાયરફકેશન હજુ સુધી થઈ શકયું નથી પણ આખા દિવસમાં ૯ થી ૧૦ ૫ અરજદારો આવ્યા હોવાનું બિન સતાવાર રીતે કહી શકાય.મુખ્યમંત્રી સમક્ષ બિલ્ડરો અને સંલગ્ન ધંધાર્થીઓએ રજૂઆતો કરી હતી.જિલ્લા કક્ષાએ રેવન્યુ બાર એસોસિએશન દ્વારા પણ રાજકોટ, મોરબીમાં દેખાવો થયા હતા.જંત્રી દરમાં એકી સાથે આવડો મોટો વધારો અસહ્ય હોવાનું જણાવીને તેમાં ફેરફારની માગણી ઉઠાવવામાં આવી છે ત્યારે અરજદારોને પણ કેટલાક વકીલો દ્વારા રાહ જોવાનું જણાવવામાં આવી રહયુ છે.

મોરબી ઝુલતા પુલ દુર્ઘટનાનો મુખ્ય આરોપી ઓરેવા ગ્રુપનો જયસુખ પટેલ રીમાન્ડ પુરી થતા જેલ હવાલે

ગોંડલ રોડ ચોકડી પર બેદરકારીની પરંપરા યથાવત

ચાલુ કામ દરમ્યાન ક્રેઇન બ્રિજ પરથી નીચે ખાબકી

નિર્માણાધિન ઓવરબ્રિજ પર ક્રેન પડી ત્યારે સદનસીબે કોઇ હાજર ન હતું, મોટી દુર્ઘટના થતા ટળી ગઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

રાજકોટમાં ગોંડલ રોડ ચોકડી પર ઓવરબ્રિજનું નિર્માણ થઇ રહ્યું છે એ સ્થળે અવાર નવાર બેદરકારીને કારણે નાની મોટી અકસ્માતની ઘટનાઓ સર્જાતી રહે જ છે. થોડા સમય પહેલા અહીં બ્રિજનો એક ભાગ તુટી પડયો હતો. ફરી એકવખત આ સ્થળે એક ગંભીર અને મોટી દુર્ઘટના સર્જાતા રહી ગઇ છે. ઓવરબ્રિજ પરથી ચાલકે કાબુ ગુમાવી દેતા મહાકાય ક્રેઇન નીચે ખાબકી હતી તેમ જાણવા મળ્યું છે. આ વિસ્તાર સતત ટ્રાફિકથી ધમધમતો રહે છે ત્યારે જ ક્રેઇન પુલ પરથી નીચે પડી ગઇ હતી પણ સદનસીબે એ સ્થળે કોઇ હાજર ન હોવાથી જાનહાની ટળી ગઇ હતી. બાજુમાં પડેલી એક ઇકો કારમાં થોડું નુકસાન થયું હતું. કોઇ અવર-જવર ન હોવાથી દુર્ઘટના થતા રહી ગઇ હતી.



આજે બુધવારે સવારના સમયે આ ઘટના બની હતી. અહીં ઓવરબ્રિજનું કામ લાંબા સમયથી ચાલી રહ્યું છે. આ વિસ્તાર દિવસ-રાત ટ્રાફિકથી ધમધમતો રહે છે. છતાં તંત્રની બેદરકારી અને લાપરવાહીને અનુમોદન આપતી અનેક ઘટનાઓ બનતી જ રહે છે. આજે ક્રેઇન પુલ પરથી નીચે ખાબકી ત્યારે બે કિલોમીટર સુધી વાહનોના થપ્પા લાગી ગયા હતા. લોકોને ગજબનાક હાડમારીનો સામનો કરવો પડયો હતો. કેટલાક કલાકો પછી રસ્તો કલીયર કરી શકાયો હતો. ત્યાં સુધી ગોંડલ રોડ ચોકડી પર બન્ને સેંકડો, હજારો વાહનોના થપ્પા લાગી ગયા હતા. ગોંડલ ચોકડી વિસ્તાર વાહન વ્યવહાર માટે અને પસાર થતા રાહદારીઓ માટે સતત અસુરક્ષીત બનતો જાય છે.(૨.૧૧)

રાજકોટમાં બે દિવસમાં ૫૮ લાખથી વધુની વીજચોરી ઝડપાઇ

સતત ત્રીજા દિવસે રસુલપરા સહિત ૧૦ વિસ્તારમાં ચેકીંગ યથાવત



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

સતત ત્રીજા દિવસે વહેલી સવારથી પીજીવીસીએલની કોર્પોરેટ ટીમ દ્વારા રાજકોટ શહેર ડિવિઝન હેઠળ અલગ અલગ ૪૪ ટીમ બનાવી વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં રાજકોટ શહેરની અંદર વાવડી અર્બન અને ખોખળદળ સબ ડિવિઝન હેઠળ આવતા રસુલપરા, રામનગર, ગણેશનગર સહિત ૧૦ જેટલા વિસ્તરમાં ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે બે દિવસમાં રાજકોટ શહેરમાંથી ૫૮ લાખથી વધુની વીજ ચોરી ઝડપી પાડવામાં આવી છે.

૪૪ ટીમ બનાવી વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું

આજે રાજકોટ શહેરી વિસ્તારમાં સતત ત્રીજા દિવસે વીજ ચેકીંગ અંગે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. આજે વહેલી સવારથી રાજકોટ શહેર અંતર્ગત વાવડી અર્બન અને ખોખળદળ સબ ડિવિઝન હેઠળ આવતા વિસ્તારમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. આજે વહેલી સવારથી અલગ અલગ ૪૪ ટિમો દ્વારા વાવડી અર્બન અને ખોખળદળ સબ ડિવિઝન હેઠળના રસુલપરા, રામનગર, ગણેશનગર, સનાતન પાર્ક, રણુજાનગર સહિત વિસ્તારને આવરી લઇ વીજ ચોરી ઝડપી પાડવા કવાયત શરૂ કરવામાં આવી છે. જેમાં ૧૧ KVના ૨ ફીડરો આવરી લેવામાં આવ્યા છે. આ વીજ ચેકિંગમાં સ્થાનિક પોલીસ, SRP જવાન, તેમજ ૪ વીડિયોગ્રાફરને સાથે રાખવામાં આવ્યા છે.

પીજીવીસીએલ દ્વારા ગઇકાલે વીજચેકીંગ દરમિયાન ૪૪ ટીમ દ્વારા ૧૦૬૪ કનેક્શન ચેક કરી ૧૩૨ કનેક્શનમાંથી ૩૦.૪૭ લાખની વીજ ચોરી ઝડપી પાડવામાં આવી છે જયારે સોમવારના રોજ પ્રથમ દિવસે કુલ ૫૧.૮૯ લાખની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી. જેમાં બોટાદ સર્કલ હેઠળ ૩૮૮ કનેક્શન ચેક કરી ૭૨ કનેક્શનમાંથી ૨૩.૪૩ લાખની જયારે રાજકોટ શહેર સર્કલ હેઠળ ૧૦૮૩ કનેક્શન ચેક કરી ૧૨૧ કનેક્શનમાંથી ૨૮.૪૬ લાખની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી.

રાજકોટ મનપાની જોરદાર વેરા વસુલાત ઝુંબેશ: વધુ રૂ.૫૩.૩૬ લાખની રીકવરી

આજની કાર્યવાહીમાં વધુ ૧૭ મિલ્કતો સીલ, પાંચ નળ કનેક્શન કપાયા; ૩૬ મિલ્કત ધારકોને ટાંચ જપ્તીની નોટીસ અપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

રાજકોટ મહાનગરપાલિકાએ વેરા વસુલાત ઝુંબેશને એકદમ વેગવાન બનાવી દીધી છે. આજે અલગ અલગ વિસ્તારોમાં મનપાની ટીમોએ ફરીને કુલ ૧૭ મિલ્કતોને સીલ કરી હતી. પાંચ નળ કનેક્શન કાપવામાં આવ્યા હતા. આજે કુલ રૂ.૫૩.૩૬ લાખની રીકવરી કરવામાં આવી હતી.

સેન્ટ્રલ ઝોનમાં કુલ ૧૨ મિલ્કતોને સીલ કરવામાં આવી હતી, ૧૬ મિલ્કતો માટે ટાંચ જપ્તીની નોટીસ અપાઈ હતી. કુલ રૂ.૧૬.૧૦ લાખની રીકવરી કરવામાં આવી હતી. એ જ રીતે વેસ્ટ ઝોનમાં ૩ મિલ્કતો સીલ કરવામાં આવી હતી. ૧૨ મિલ્કત ધારકોને ટાંચ જપ્તી નોટીસ અપાઈ હતી, રૂ.૨૧.૩૩ લાખની રીકવરી કરવામાં આવી હતી. ઈસ્ટ ઝોનમાં કુલ ૨ મિલ્કતોને સીલ કરાઈ હતી, પાંચ નળકનેશન કાપ્યા, ૮ મિલ્કત ધારકોને ટાંચ જપ્તી નોટીસ અપાઈ હતી અને રૂ.૧૮.૯૩ લાખની રીકવરી કરવામાં આવી હતી.

આ કામગીરી આસી કમિશનર સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ આસી.. મેનેજર રાજીવ ગામેતી, મયુર ખીમસુરીયા, વિવેક મહેતા, નીરજ વ્યાસ તથા તમામ વોર્ડ ઓફિસર અને વોર્ડ ટેક્ષ ઇન્સ્પેકટરની ટીમો દ્વારા સંપન્ન કરવામાં આવી હતી.(૨.૧૨)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.